**સુવિચાર**
જેની જેટલી જરૂર હોય તેટલો જ ઉપયોગ કરવો તે કરકસર. કોઈપણ વસ્તુનો જરૂર પુરતો ઉપયોગ કરવો તે સંયમ.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૫/૦૪/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ વદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૦૯૬

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.

ફ્રી નિદાન... ફ્રી સારવાર... ફ્રી ઓપરેશન કેમ્પ...
૨૪x૭
પથરી - પ્રોસ્ટેટ - કીડનીના દર્દીઓ માટે
તારીખ : ૦૬/૦૪/૨૦૨૪, શનિવાર : સવારે ૧૦ થી ૧
ડૉ. જય માંડડીયા (યુરોલોજિસ્ટ)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## લોકસભાનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાને પાંચ લાખ મતોથી વિજેતા બનાવવા હાંકલ

# અમરેલીમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કાર્યકર્તાઓ સાથે બેઠક યોજી

**ભાજપ તરફી વધુમાં વધુ મતદાન કરાવવા અને ભાજપ સરકારનાં વિકાસકાર્યો જન જન સુધી પહોંચાડવા હાંકલ કરી**

**ભાજપ સરકારે રામ મંદિર, ૩૭૦ કલમ, વિકસિત ભારતનાં સંકલ્પ સહિતની કામગીરી કરી હોવાનું જણાવ્યું**

**મુખ્યમંત્રીનાં આગમન બાદ ભાજપનાં કાર્યકર્તાઓ અને આગેવાનોમાં વધારે ઉત્સાહ ઉભો થયો**

**સાંસદ કાછડીયા, નાયબ દંડક વેકરિયા, ધારાસભ્ય કસવાલા, તળાવીયા, કાકડીયા, પૂર્વ ધારાસભ્ય ઉંધાડ, ડો. કાનાબાર સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



અમરેલી, તા. ૪

અમરેલી લોકસભા બેઠકના ભાજપના ઉમેદવારના પ્રસાર પ્રસાર માટે થઈ આજે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અમરેલી ખાતે આવી પહોંચ્યા હતા. ત્યારે અમરેલી હવાઈ મથક ઉપર મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનું સ્વાગત કરાયા બાદ તેઓ ભાજપના આગેવાનો સાથે અમરેલીના જૂના માર્કેટ યાર્ડ ખાતે આવેલ હોટેલ લોર્ડસના હોલમાં પહોંચ્યા હતા.

રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીના અપેક્ષિત કાર્યકર્તાની બૃહદ બેઠકમાં ઉપસ્થિત રહેલા ભાજપના આગેવાનોને સંબોધન કરી ભાજપ તરફી મતદાન કરાવવા તથા સરકાર દ્વારા કરાયેલા લોકઉપયોગી કામોને જનતા વચ્ચે મુકવા અપીલ કરી હતી.

આજના કાર્યક્રમમાં અમરેલીના ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાલા, બાબરાના ધારાસભ્ય જનક તલાવિયા, ધારીના ધારાસભ્ય જે.વી.કાકડિયા, જિલ્લા ભાજપના પ્રમુખ રાજેશ કાબરિયા, સાંસદ નારણ કાછડીયા, અમરેલીના પ્રભારી હકુભા જાડેજા, પુર્વમંત્રી બાવકુ ઉંધાડ તથા ભાજપના ઉમેદવાર ભરત સુતરીયા સહિતના લોકો ઉપસ્થિત રહ્યાં છે.

### છેલ્લા ૮ વર્ષથી ફરાર હતો

## વડિયા : ઘરફોડ ચોરીનાં ૨ ગુન્હામાં ફરાર પરપ્રાંતિય આરોપીની અટકાયત

**એસપીની સુચનાથી પેરોલ સ્કવોર્ડની કામગીરી**



અમરેલી, તા. ૪

મોટી કુંકાવાવ ગામે તથા જંગર (તા. વડીયા-કુંકાવાવ) ગામોમાં આરોપી સપેસીંગ ઉર્ફે સપુ પાનસીંગ મુવેલ (મોહનીયા) રહે. મધ્યપ્રદેશ વાળા તથા સહઆરોપીઓએ ભેગા મળીને સને-૨૦૧૬ માં રોકડા રૂપિયા તથા સોના-ચાંદીના દાગીનાઓ તથા અન્ય ચીજવસ્તુઓની ચોરી કરી ત્યાંથી ભાગી ગયેલ હોય અને આ બાબતે વડીયા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હોય. આ ગુન્હાના કામે મજકુર ઈસમ નાસીજઈ પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા આશરે ૮ વર્ષથી નાસતો ફરતો હોય અને આ કામે વડિયા કોર્ટ ધ્વારા સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનુ

અનુસંધાન પાના ૬ ઉપર

### જીંદગીથી કંટાળીને અંતિમવાટ પકડી

## બાબરાનાં ખાખરીયા ગામનાં વૃદ્ધે અનાજમાં નાખવાનાં ટીકડા પી લીધા

**સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર દરમિયાન મોત**

અમરેલી, તા. ૪

બાબરા તાલુકાના ખાખરીયા ગામે રહેતા નાજાભાઈ પીઠાભાઈ ચાવડા નામનાં ૭૦ વર્ષિય વૃદ્ધે કંટાળી જઈ તા.૩ના સાંજના ૬ વાગ્યા પહેલા ખાખરીયા ગામે પોતે પોતાની મેળે અનાજમાં નાખવાના ટીકડા પી જતા બાબરા તેમનું સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ન જાણ્યું જાનકી નાથે ઘડી પછી શું થવાનું છે

## અરેરાટી : સાવરકુંડલામાં રહેણાંક મકાનમાં અચાનક આગ લાગતાં ૫૬ વર્ષિય પ્રૌઢનું કમકમાટીભર્યુ મોત

**પાલિકાનાં પ્રમુખ સહિતનાં પદાધિકારીઓ ઘટના સ્થળે દોડયા**

(પ્રતાપ ખુમાણ દ્વારા)
સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલાના નેસડી રોડ પર પાણીના ટાંકા પાસે આવેલા એક મકાનમાં ભીષણ આગ લાગી હતી. ભાડાના મકાનમાં રહેતા ૫૬ વર્ષીય ઈન્દ્રજીત સિંહ દલપત સિંહ રાઠોડનું દુઃખદ અવસાન થયું હતું. ઈન્દ્રજીતસિંહ રાઠોડ ભુંગળા વેફરનો ધંધો કરતા હતા.

સાવરકુંડલા નગરપાલિકાની ફાયર ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અને આગ ઉપર કાબુ મેળવ્યો. આગ લાગવાનું કારણ હજુ સુધી અકબંધ છે. નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, ચેરમેન અશોકભાઈ ચૌહાણ, ભાવેશભાઈ કવા, કિશોરભાઈ બુહા અને ભુપતભાઈ પાનસુરીયા આગ લાગવાની જાણ થતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ફાયર ટીમના સુપરવાઈઝર



જયરાજભાઈ ખુમાણ અને તેમની ટીમે ગણતરીની મિનિટોમાં આગ ઉપર કાબુ મેળવી લીધો હતો. પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને વધુ તપાસ શરૂ કરી હતી. સાવરકુંડલા નગરપાલિકા હોદ્દેદારો અને ફાયર ટીમે ભારે જહેમત બાદ આગ પર ઝડપથી કાબુ મેળવી લીધો હતો. આ માહિતી પ્રાથમિક તપાસના આધારે છે.

જોઈએ છે
પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે
શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
ફુલ ગુજરાતી થાળી
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
61,390/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

### ગરણી અને થોરખાણ માર્ગ ઉપર આવેલ ચારણ જગદંબા આઈશ્રી વાલબાઈમાંની જગ્યા ખાતે

# બાબરાનાં શકિતધામ આશ્રમનાં પટાંગણમાં રાસગરબાની રમઝટ બોલશે

**શકિતધામ આશ્રમ ખાતે ચૈત્રી નવરાત્રીમાં બહેનોને રાસ ગરબા રમવા માટે એક વિઘામાં ગ્રાઉન્ડ તૈયાર**

**આજુ બાજુ ૧૦ થી ૧૫ ગામોના ૫૦૦ કરતા વધુ સ્વયંસેવક તરીકે ખડેપગે રહેશે**

**ચૈત્રી નવરાત્રી દરમિયાન દરરોજ સાંજે ૨૦ થી ૩૦ હજાર ભકતો મહા પ્રસાદનો લાભ લેશે**

**બાબરા પંથક સહિત બહારથી આવતા મહેમાનો માટે ૪૦ વિઘામાં વાહન પાર્કિંગ વ્યવસ્થા**







તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૪

બાબરા તાલુકા પંથકના ગરણી અને થોરખાણ રોડ પર આવેલ સુપ્રસિદ્ધ જગ્યા શકિતધામ આશ્રમના ચારણ જગદંબા આઈ શ્રી વાલબાઈમાંના સાંનિધ્યમાં આગામી તા.૯/૪થી૧૭/૪સુધીચૈત્રીનવરાત્રી મહોત્સવની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાશે. ત્યારે શકિતધામ આશ્રમ ખાતે તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ માટે આજે અહીં સ્વયંસેવકો દ્વારા વિવિધ સેવાકીય કામગીરીનો ભારે ધમધમાટ જોવા મળ્યોહતો. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્રી નવરાત્રી મહોત્સવની ધામધૂમથી ઉજવણી થવાની હોય આઈ શ્રી વાલબાઈમાંના ચરણોમા શીશ ઝૂંકાવવા માટે ભાવિક ભકતજનો મોટી સંખ્યામાં નવ દિવસ ઉપસ્થિત રહેશે. આ નિમીત્તે રસોડા વિભાગ, રાસ ગરબા ગ્રાઉન્ડ, વાહન પાર્કિંગ, ચા–પાણી કાઉન્ટર, સ્ટેજ વિભાગ સહિત અલગ–અલગ ૧૦ વિભાગોમાં સેવક સમુદાયની આયોજનપૂર્વક કામગીરીની વહેંચણી કરવામાં આવી છે. દર વર્ષ અહીંયા ચૈત્ર માસમાં ચૈત્રી નવરાત્રી મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડવાની ગણતરી સાથે રસોડા વિભાગમાં તમામ તૈયારીઓ થઈ રહી છે મોટા માનવ સમુદાયની વ્યવસ્થાઓને પહોંચી વળવા માટે આજુ બાજુ વિસ્તારના ૧૦ થી ૨૦ ગામોના ૫૦૦ કરતા વધુ અલગ અલગ મંડળના સ્વયંસેવક તરીકે સેવા પૂરી પાડશે. અત્રે શકિતધામ આશ્રમની પરંપરા પ્રમાણે દરેકને ભોજન પ્રસાદની વ્યવસ્થા ભાઈઓ અને બહેનો માટે અલગ અલગ વિભાગમાં રાખવામાં આવી છે અને આ ચૈત્રી નવરાત્રી મહોત્સવમાં મોટી સંખ્યામાં એક સાથે બહેનો રાસ ગરબા રમી શકે તેવું વિશાળ ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યું છે અને ચૈત્રી નવરાત્રી દરમિયાન દર્શનાર્થે આવતા મહેમાનો માટે ચાલીસ વિઘામાં વાહન પાર્કિંગ વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે તેમ શકિતધામ આશ્રમ સેવકગણ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

### ખાખબાઈ માર્ગ પરની ઘટના

## રાજુલામાં ખેતરમાં આગ લાગતા ઘંઉનો પાક બળી ગયો

**ફાયર વિભાગે આગ પર કાબુ મેળવ્યો**

રાજુલા, તા. ૪

રાજુલા શહેરમાં બીડી કામદાર પાસે ખાખબાઈ રોડ પર આવેલ એકખેતરમાંઆગલાગવાનીઘટનાબનવા પામી આગ લાગવાના સમાચારથી આજુબાજુનાખેતરનામાલિકોએરાજુલા ફાયર વિભાગને જાણ કરતા રાજુલા ફાયર વિભાગની ટીમ મનુભાઈ, શીવાભાઈ, જયભાઈ સહિતની ટીમ ઘટના સ્થળે તાત્કાલિકદોડીઆવેલીઆગજુસબભાઈ ઉમરભાઈ જોખીયાની વાડીમાં આગ લાગવાના સમાચાર મળ્યા ત્યારે રાજુલા ફાયર વિભાગની ટીમે ભારે જહેમત બાદ આ આગ કાબુમાં આવેલી ત્યારે ખેતરના માલિક જુસબભાઈના જણાવવામાં મુજબ ખેતરમાં ઘઉં વાવેલા હતા અને જેમાં અંદાજિત પાંચ વિઘાના ઘઉં બળી ગયા હોવાનું આ ખેતરના માલિક જુસબભાઈ જણાવેલ છે જોકે આ આગ કાબુમાં ન આવી હોત તો આ નુકશાનીનો આંકડો ક્યાં પહોંચત તે જ નક્કી ન થવા પામત.

### આરએફઓ અને ફોરેસ્ટરનાં નંબર સાથે

## વન્યપ્રાણી રક્ષિત વિસ્તારમાં જાહેર માર્ગ ઉપર હેલ્પલાઈન નંબર દર્શાવો

**ગેરકાયદેસર થતાં લાયન શો પર લગામ લાગશે**

ખાંભા, તા. ૪

ખાંભા લાયન નેચર ફાઉન્ડેશનનાં પ્રમુખ ભીખુભાઈ બાંટાવાળાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.પત્રમાં જણાનવેલ છે કે ગીર તથા રેવન્યુ વિસ્તારમાં લોકજાગૃતિ તેમજ વન્ય પ્રાણીઓના રક્ષણ સાથે એશિયાની આન, બાન અને શાન સમા સિહોના ગેરકાયદે સિંહ દર્શન રોકવા વન વિભાગ દ્વારા માર્ગ મકાન, સ્ટેટ અને નેશનલ હાઈવે સહિતના રોડ ઉપર જાહેર બોર્ડ મૂકવામાં આવેલ છે તે સરાહનીય અને અભિનંદન પાત્ર છે




સિંહોની વ્યાપક વસ્તી વાળા વિસ્તારમાં પણ બોર્ડ મૂકી ગેરકાયદે સિંહ દર્શન કરનારાઓને રોકવા માટે તમામ વિસ્તારમાં બોર્ડ મૂકવામાં આવેલ છે જે તે વિસ્તારના ડી.સી.એફ. આર.એફ.ઓ. તેમજ ફોરેસ્ટર ના નામ સાથે તમામના મોબાઈલ નંબર તેમજ ઈમરજન્સી નંબર તથા હેલ્પલાઈન નંબર ૧૯૨૬ પણ લખવામાં આવે તો ગેરકાયદે સિંહે દર્શન ની માહિતી જાગૃત નાગરિકો, પર્યાવરણ પ્રેમીઓ. સ્થાનિક રહીશો તેમજ વાડી માલિકો વન વિભાગ ને જાણ કરી શકે તો જ ગેરકાયદે સિંહ દર્શન રોકી શકાય તેમ અંતમાં જણાવેલ છે.

### ૧૫ દિવસનાં વિરામ બાદ પુનઃ ઉલ્કાવર્ષાનો પ્રારંભ

## આગામી ૧૫ એપ્રિલે મધ્યરાત્રીથી લાયરીડસ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

**૨૨ એપ્રિલના પરોઢ સુધી રીતસર ઉલ્કાવર્ષા થશે**





અમદાવાદ, તા. ૪

દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૧૦૫ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કાવર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં તા. ૧૫ મી એપ્રિલ મધ્યરાત્રીથી તા.૨૯ મી એપ્રિલ સોમવાર પરોઢ સુધી લાયરીડસ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષા અદભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન આદર્યા છે.

જાથાના રાજય ચેરમેન–એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે તા. ૧૫ મી સોમવાર મધ્યરાત્રિથી તા. ૨૯ મી સુધી આકાશમાં લાયરીડસ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૨૧ મી તથા ૨૨ મી રાત્રીએ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૧૦૦ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો વરસાદ જોવા મળે છે.

વધુમાં પંડયા જણાવે છે કે લાયરીડસ ઉલ્કાવર્ષા મહતમ બે દિવસ તા. ૨૧ તથા ૨૨ પરોઢ સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શાકય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળ એવા પણ ધૂમકેતુઓ છે કે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂકમેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે. ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

એડવોકેટ વધુમાં પંડયા જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહતમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર–પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવતાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦ નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે.

જાથાના જયંત પંડયાએ જણાવે છે કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ–સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. લાયરીડસ ઉલકાવર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતરસનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે.

જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતી થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, બોટાદ, દેવભૂમિ દ્વારકા, અરવલ્લી, રાજપીપળા, ભાવનગર, જુનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, ગાંધીધામ, માંડવી, અંજાર, મોરબી, પાવાગઢ, ગોધરા, વિગેરે નાના–મોટા નગરોમાં બે દિવસીય તા. ૨૨–૨૩ એપ્રિલ મધ્યરાત્રી પરોઢે વ્યવસ્થાની આખરી ઓપની તૈયારી આરંભી છે.

લાયરીડસ ઉલ્કાવર્ષાનો નજારો તા. ૨૧ તથા ૨૨ રાત્રીના નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, વિનોદ વામજા, દિનેશ હુંબલ, નિર્ભય જોશી, રાજુ યાદવ નિર્મળ મેત્રા, ભોજાભાઈ ટોયટા, ભકિતબેન રાજગોર, ભાનુબેન ગોહિલ વિગેરે અનેક સદસ્યો જોડાયા છે. રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ : ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## અમરેલી ખાતે કાઠી ક્ષત્રિય સમાજે રૂપાલાની ટિકિટ કાપવાની માંગ કરી



અમરેલી જિલ્લા કાઠી સમાજ દ્વારા આજે કલેક્ટર પુઢષોત્તમભાઈ રૂપાલાની રાજકોટ ની ટિકિટ રદ કરવા માટે આવેદનપત્ર આપવામાં આવેલું હતું જેમાં ઉપસ્થિત જીતુભાઈ વાળા અડતાળા, સુખાભાઈ વાળા, ટીકુભાઈ વરૂ, રાવતભાઈ ધાધલ, કિરણભાઈ ધાધલ, જયરાજભાઈ જળુ ભગુભાઈ ખાચર, ભીખુભાઈ વાળા, ગોટુભાઈ ધાધલ, બાબુભાઈ હુદડ, રીકડીયા ભવદીપભાઈ વાળા, ગટુભાઈ વાળા, ગભરૂભાઈ વાળા, બાબુભાઈ ધાધલ, પ્રતાપ ભાઈ ખાચર, ગભરૂભાઈ વરૂ, કે.ડી. માલા મનીષભાઈ વાળા, મનુભાઈ ધાધલ, વલકુભાઈ વાળા, પિયુષભાઈ વાળા, પ્રવિણભાઈ શેખવા, રવિભાઈ બસીયા, પૃથ્વીભાઈ ધાધલ સહિતના કાઠી ક્ષત્રિય સમાજના યુવાનોએ આવેદનપત્ર પાઠવ્યું.

### કોલકાતા હાઈકોર્ટે સંદેશખાલી કેસમાં બંગાળ સરકારને ફટકાર લગાવી

# સંદેશખાલી પીડિતોનું ૧% સત્ય પણ શરમજનક : કોલકાતા હાઈકોર્ટ

**આ માટે સમગ્ર વહીવટીતંત્ર અને શાસક પક્ષ ૧૦૦% નૈતિક રીતે જવાબદાર છે : આ સંદેશખાલીના લોકોની સુરક્ષાનો મામલો છે : કોલકાતા હાઈકોર્ટ**

કોલકાતા, તા.૪

કોલકાતા હાઈકોર્ટે ગુરુવારે સંદેશખાલી કેસમાં બંગાળ સરકારને ફટકાર લગાવી છે. કોર્ટે કહ્યું, જો આ મામલામાં એક ટકા પણ સત્ય હોય તો તે શરમજનક છે. આ માટે સમગ્ર વહીવટીતંત્ર અને શાસક પક્ષ ૧૦૦% નૈતિક રીતે જવાબદાર છે. આ લોકોની સુરક્ષાનો મામલો છે. ચીફ જસ્ટિસ ટીએસ શિવગ્નનમ અને જસ્ટિસ હિરન્મય ભટ્ટાચાર્યની બેંચે સંદેશખાલીના મુખ્ય આરોપી શાહજહાં વિરુદ્ધ ૫ પીઆઈએલની સુનાવણી કરી. પશ્ચિમ બંગાળના સંદેશખાલીમાં મહિલાઓની જાતીય સતામણી અને જમીન પચાવી પાડવાના આરોપી_સ્ઝ નેતા શેખ શાહજહાંની બંગાળ પોલીસે ૨૯ ફેબ્રુઆરીએ ધરપકડ કરી હતી. જે બાદ પોલીસે તેને સીબીઆઈને સોંપી દીધો હતો.

ચીફ જસ્ટિસ- માની લઈએ કે એક પણ એફિડેવિટ સાચું હોય તો તે શરમજનક છે. આ માટે સમગ્ર વહીવટીતંત્ર અને શાસક પક્ષ ૧૦૦ ટકા નૈતિક રીતે જવાબદાર છે. આ લોકોની સુરક્ષાનો મામલો છે. જો તમે એસસી-એસટી નેશનલ કમિશનનો રિપોર્ટ જુઓ, જો તેમાં એક ટકા પણ સત્ય હોય તો તે ૧૦૦ ટકા શરમજનક છે. અન્ય પીઆઈએલ અરજીકર્તાના વકીલે કહ્યું કે આ કેસમાં સાક્ષીઓને સુરક્ષા પૂરી પાડવામાં આવે. તેમણે દાવો કર્યો હતો કે સુરક્ષાના કારણોસર કોઈ મહિલા કોર્ટમાં જુબાની આપવા આગળ આવી નથી. અન્ય અરજીકર્તાના વકીલ પ્રિયંકા તિબ્રેવાલે કહ્યું, 'મોટાભાગની મહિલાઓ અભણ છે. ઈ-મેલ ભૂલી જાઓ, તે પત્રો પણ લખી શકતી નથી. ૫૦૦થી વધુ મહિલાઓએ અમારી સામે જાતીય અત્યાચારની ફરિયાદ કરી છે. અમારી પાસે એફિડેવિટ છે જેમાં કહેવામાં આવ્યું છે કે માત્ર એક જ શાહજહાંની ધરપકડ કરવામાં આવી છે. તેના ૧૦૦૦ સાથીઓ ગામમાં ફરે છે અને તેમને શાહજહાં વિરુદ્ધ નિવેદનો ન આપવાની ધમકી આપી રહ્યા છે. આ લોકો કહી રહ્યા છે કે જો મહિલાઓ નિવેદન આપશે તો તેઓ તેમના પતિ અને બાળકોના માથા કાપી નાખશે અને ફૂટબોલ રમશે.સંદેશખાલીમાં શેખ શાહજહાં અને તેના બે સહયોગી શિબુ હાઝરા અને ઉત્તમ સરદાર પર લાંબા સમયથી મહિલાઓ સાથે ગેંગરેપ કરવાનો આરોપ છે. આ કેસમાં પોલીસે શિબુ હઝરા, ઉત્તમ સરદાર, શાહજહાં સહિત ૧૮ લોકોની ધરપકડ કરી છે. શાહજહાં શેખ ટીએમસીના જિલ્લા સ્તરના નેતા છે. રાશન કૌભાંડમાં ઈડીએ ૫ જાન્યુઆરીએ તેમના ઘરે દરોડા પાડ્યા હતા. ત્યારબાદ તેમના ૨૦૦થી વધુ સમર્થકોએ ટીમ પર હુમલો કર્યો. અધિકારીઓએ પોતાનો જીવ બચાવવા ભાગવું પડ્યું હતું. ત્યારથી શાહજહાં ફરાર હતો. શાહજહાં શેખની ધરપકડ અંગે, કોલકાતા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ટીએસ શિવાગ્નમને સોમવારે આદેશ આપ્યો હતો કે પોલીસે, તમામ સંજોગોમાં, ૪ માર્ચે આગામી સુનાવણીમાં શાહજહાંને કોર્ટમાં હાજર કરવો પડશે. તેની ધરપકડ પર કોઈ સ્ટે નથી. કોર્ટે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું કે સંદેશખાલીમાં અત્યાચારની ઘટનાઓ ૪ વર્ષ પહેલા પોલીસને જાણ કરવામાં આવી હતી. યૌન ઉત્પીડન સહિતના ૪૨ કેસ છે, પરંતુ ચાર્જશીટ દાખલ કરવામાં ચાર વર્ષનો સમય લાગ્યો છે.

### કાપી નાખી પોતાના હાથની નસો

# રાજસ્થાન : કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યએ કર્યો આપઘાત

**લોહીલુહાણ હાલતમાં પરિવારજનો તેમને હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા**

ભીલવાડા, તા.૪

લોકસભા ચૂંટણી પહેલા રાજસ્થાનથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના માંડલગઢ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય વિવેક ધાકડે પોતાના ઘરમાં આત્મહત્યા કરી લીધી છે. પ્રાથમિક વિગતો વિવેક ધાકડે હાથની નસો કાપીને આપઘાત કર્યો હતો. લોહીલુહાણ હાલતમાં પરિવારજનો તેને હોસ્પિટલ લઈ ગયા જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ તરફ હવે પૂર્વ ધારાસભ્યએ શા માટે આત્મહત્યા કરી તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

પૂર્વ ધારાસભ્ય વિવેક ધાકડના નિધનથી તેમના સમર્થકોમાં ભારે શોક છે. તેમના મોતથી પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ છે. સમાચાર સાંભળીને મંડલગઢના વર્તમાન ધારાસભ્ય ગોપાલ ખંડેલવાલ અને પૂર્વ મંત્રી રામલાલ જાટ શબઘર પહોંચ્યા હતા અને તેમણે મૃતક ધારાસભ્યના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. પોલીસ તપાસમાં આત્મહત્યાનું કારણ કૌટુંબિક અણબનાવ હોવાનું બહાર આવ્યું છે. વિગતો મુજબ વિવેક ધાકડ કોંગ્રેસ પાર્ટીની ટિકિટ પર ધારાસભ્ય બન્યા હતા. વર્ષ ૨૦૧૭માં માંડલગઢમાં યોજાયેલી પેટાચૂંટણીમાં તેમને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા અને ચૂંટણી જીતી હતી. ૨૦૨૩માં કોંગ્રેસે તેમને ફરીથી ઉમેદવાર તરીકે નિયુક્ત કર્યા પરંતુ આ વખતે તેઓ ચૂંટણી હારી ગયા. વિવેક ધાકડે બુધવારે ૩ એપ્રિલ, ૨૦૨૪ના રોજ લોકસભા કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.પી. જોશીના નોમિનેશનમાં ભાગ લીધો હતો. આ દરમિયાન દોતાસરા સાથે સ્ટેજ પર પૂર્વ સીએમ અશોક ગેહલોત અને પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ પણ હાજર હતા. આવી સ્થિતિમાં તેમની આત્મહત્યા લોકોમાં ચર્ચાનો વિષય બની છે.

માંડલગઢના ધારાસભ્ય ગોપાલ ખંડેલવાલે વિવેક ધાકડના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમનું કહેવું છે કે, આ ખૂબ જ દુઃખદ સમાચાર છે અને તેના કારણે મારા સહિત સમગ્ર વિસ્તારમાં શોકની લહેર છે. તેમણે કહ્યું કે, અમે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ કે પરિવારને આ દુઃખદ સમયમાં આ દુઃખ સહન કરવાની શક્તિ આપે. આ તરફ હવે પૂર્વ ધારાસભ્યના આપઘાત કેસમાં પારિવારિક વિખવાદનો મામલો પણ સામે આવી રહ્યો છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

### ભીષણ ગરમી વચ્ચે રાહતના સમાચાર

# સાત એપ્રિલ સુધી પૂર્વોત્તર ભારતમાં વરસાદ અને આંધી તોફાનની આશંકા

**એપ્રિલની શરૂઆતમાં જ અનેક ઠેકાણે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે : આટલી ગરમીમાં પણ કેટલાક રાજ્યોમાં વરસાદે માઝા મૂકી છે**

નવી દિલ્હી, તા.૪

ઉત્તર ભારત સહિત સમગ્ર દેશના વિવિધ ભાગોમાં ભીષણ ગરમી પડી રહી છે. એપ્રિલની શરૂઆતમાં જ અનેક ઠેકાણે મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જો કે આટલી ગરમીમાં પણ કેટલાક રાજ્યોમાં વરસાદે માઝા મૂકી છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે સાત એપ્રિલ સુધી પૂર્વોત્તર ભારતમાં વરસાદ અને આંધી તોફાનની આશંકા છે. બીજી બાજુ અનેક રાજ્યો માટે હીટવેવની આગાહી પણ અપાઈ છે.હવામાન વિભાગના જણાવ્યાં મુજબ નોર્થ ઈન્ટીરિયર કર્ણાટકમાં હીટવેવની સ્થિતિ જોવા મળી છે. આ ઉપરાંત અરુણાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, લદાખ, ગિલગિટ, હિમાચલ પ્રદેશમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં વરસાદ જોવા મળ્યો. બીજી બાજુ અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, સિક્કિમ જેવા રાજ્યોમાં પણ વરસાદ રેકોર્ડ થયો છે. હવામાન વિભાગની આગાહી છે કે જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, લદાખમાં આગામી ત્રણ દિવસ સુધી તથા ઉત્તરાખંડમાં આગામી સાત દિવસ સુધી હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. આ ઉપરાંત આ રાજ્યોમાં હિમવર્ષા પણ થશે. અન્ય રાજ્યોની વાત કરીએ તો અરુણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરામાં આગામી સાત દિવસ સુધી વરસાદ, આંધી તોફાન તથા વીજળીના કડાકા ભડાકા જોવા મળી શકે છે. ગરમીની વાત કરીએ તો હાલમાં વિદર્ભ, છત્તીસગઢ, મરાઠાવાડા, તેલંગણા, ઈન્ટીરિયર કર્ણાટક, રાયલસીમા, સાઉથ ઈસ્ટ ઉત્તર પ્રદેશ, ઉત્તરી ઈન્ટીરિયર ઓડિશા, મધ્ય મહારાષ્ટ્ર, તટીય આંધ્ર પ્રદેશ, સાઉથ ઈન્ટીરિયર, તમિલનાડુમાં મહત્તમ તાપમાન ૪૦-૪૨ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયુ છે. મણિપુર, ત્રિપુરા, ગુજરાત, પૂર્વ રાજસ્થાન, ઉત્તરી ઈન્ટીરિયર કર્ણાટક, ઓડિશા, વિદર્ભ, સાઉથ વેસ્ટ રાજસ્થાન, સેન્ટ્રલ મધ્ય પ્રદેશ, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠાવાડામાં લઘુત્તમ તાપમાન નોર્મલથી ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયુ છે. પૂર્વ ભારતમાં આગામી ત્રણ દિવસમાં મહત્તમ તાપમાનમાં બેથી ૩ ડિગ્રી સેલ્સિયસ વધારો થવાની શક્યતા છે.રાજ્ય હવામાન ખાતા દ્વારા આગાહી કરવામાં આવી છે કે આવનારા સમયમાં ગુજરાતમાં તાપમાનમાં વધારો થશે. હવામાન વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે જણાવ્યું કે ચાર દિવસ બાદ તાપમાનમાં ૧ થી ૨ ડિગ્રીનો વધારો થઈ શકે છે. અમદાવાદ અને ગાંધીનગરમાં કાલે ૩૮ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. સૌથી વધુ ૩૮.૭ ડિગ્રી તાપમાન રાજકોટમાં નોંધાયું. કચ્છમાં હળવા વરસાદી છાંટા પડી શકે છે. તાપમાન ૪૦ ડિગ્રી સુધી જવાની શક્યતા.

### કેજરીવાલ હાલ લિકર પોલીસી કેસમાં જેલમાં છે

# કેજરીવાલે જેલમાંથી પાર્ટીના ધારાસભ્યોને સંદેશ મોકલ્યો

**સંદેશમાં ધારાસભ્યોને વિસ્તારની મુલાકાત લઈને લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરતા રહેવા સૂચના આપવામાં આવી**

નવી દિલ્હી, તા.૪

કથિત દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ અરવિંદ કેજરીવાલે જેલમાંથી પાર્ટીના તમામ ધારાસભ્યોને સંદેશ મોકલ્યો છે. પત્ની સુનીતા અગ્રવાલે સોશિયલ મીડિયા દ્વારા તેમનો સંદેશ વાંચ્યો હતો જેથી દરેક તેમના સમર્થકો સુધી આ સંદેશ પહોંચી શકે. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ કથિત દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ છે. લોકસભા ચૂંટણી સમયે પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ જેલમાં હોવાને કારણે ચૂંટણીની તૈયારીઓ અવરોધાઈ રહી છે. હાલમાં કેજરીવાલે જેલમાંથી પાર્ટીના તમામ ધારાસભ્યોને સંદેશ મોકલ્યો છે. પત્ની સુનીતા કેજરીવાલે સોશિયલ મીડિયા પર અરવિંદ કેજરીવાલનો મેસેજ વાંચ્યો છે. સંદેશમાં ધારાસભ્યોને વિસ્તારની મુલાકાત લઈને લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરતા રહેવા સૂચના આપવામાં આવી છે.

કથિત દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ અરવિંદ કેજરીવાલે જેલમાંથી પાર્ટીના તમામ ધારાસભ્યોને સંદેશ મોકલ્યો છે. પત્ની સુનીતા અગ્રવાલે સોશિયલ મીડિયા દ્વારા તેમનો સંદેશ વાંચ્યો હતો જેથી દરેક તેમના સમર્થકો સુધી આ સંદેશ પહોંચી શકે.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ કથિત દારૂ કૌભાંડ કેસમાં તિહાર જેલમાં બંધ છે. લોકસભા ચૂંટણી સમયે પાર્ટીના વડા અરવિંદ કેજરીવાલ જેલમાં હોવાને કારણે ચૂંટણીની તૈયારીઓ અવરોધાઈ રહી છે. હાલમાં કેજરીવાલે જેલમાંથી પાર્ટીના તમામ ધારાસભ્યોને સંદેશ મોકલ્યો છે. પત્ની સુનીતા કેજરીવાલે સોશિયલ મીડિયા પર અરવિંદ કેજરીવાલનો મેસેજ વાંચ્યો છે. સંદેશમાં ધારાસભ્યોને વિસ્તારની મુલાકાત લઈને લોકોના પ્રશ્નોનું નિરાકરણ કરતા રહેવા સૂચના આપવામાં આવી છે.

દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે (૪ એપ્રિલ, ૨૦૨૪) દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરાયેલા અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવાની માંગ કરતી બીજી અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે આ અંગે પગલાં લેવાનો અધિકાર એલજી અને રાષ્ટ્રપતિના અધિકારક્ષેત્રમાં છે. આવી સ્થિતિમાં આવો આદેશ આપી શકીએ નહીં. જો કે, કોર્ટે મહત્વની ટિપ્પણી કરતા કહ્યું કે, "ક્યારેક વ્યક્તિગત હિત કરતાં રાષ્ટ્ર હિત મોટું હોય છે, પરંતુ આ નિર્ણય તેમનો (કેજરીવાલ) છે." આ પહેલા પણ હાઈકોર્ટે કેજરીવાલને સીએમ પદેથી હટાવવાની માંગ કરતી પીઆઈએલને ફગાવી દીધી હતી. આ દરમિયાન કોર્ટે કહ્યું હતું કે આ એક્ઝિક્યુટિવ સાથે સંબંધિત મામલો છે. કેજરીવાલને સીએમ પદેથી હટાવવા માટેની આ પીઆઈએલ સુરજીત સિંહ યાદવ નામના વ્યક્તિ દ્વારા દાખલ કરવામાં આવી હતી. હકીકતમાં, કોર્ટે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલને ૧૫ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી દીધા છે. ઈડી દ્વારા ૨૧ માર્ચે તેની ધરપકડ કરવામાં આવી હતી. આ મામલાને લઈને ઈડીએ આરોપ લગાવ્યો છે કે દિલ્હી લિકર પોલિસીના અમલીકરણ અને તૈયાર કરવામાં અનિયમિતતાઓ હતી.

### કોંગ્રેસને સતત એક પછી એક ઝટકા લાગી રહ્યા છે

# ગૌરવ વલ્લભે કોંગ્રેસમાંથી અંતે રાજીનામું આપી દીધું

**નારાજ પ્રવક્તાએ કોંગ્રેસ પક્ષ સાથે છેડો ફાડ્યા બાદ ગણતરીના કલાકોમાં ભાજપનો કેસરિયો ધારણ કર્યો**

નવી દિલ્હી, તા.૪

લોકસભા ૨૦૨૪ની ચૂંટણી પહેલા કોંગ્રેસને સતત એક પછી એક ઝટકા લાગી રહ્યા છે. ૨૪ કલાકમાં કોંગ્રેસના બે મોટા નેતાઓએ રાજીનામું આપી દીધું છે. બુધવારે બોક્સર વિજેન્દર સિંહે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા. ત્યારે આજે ગૌરવ વલ્લભે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને પાર્ટીને રામ-રામ કર્યા હતા. હવે તેઓ ભાજપમાં જોડાયા છે. ગૌરવ વલ્લભની સાથે બિહાર કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અનિલ શર્મા, આરજેડી ઉપેન્દ્ર પ્રસાદને વિનોદ તાવડે દ્વારા પાર્ટીનું સભ્યપદ આપવામાં આવ્યું છે. આજે સવારે જ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પ્રવક્તા ગૌરવ વલ્લભે કોંગ્રેસ પાર્ટીના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં રાજીનામું આપતી વખતે પાર્ટી છોડવાનું કારણ પણ આપ્યું હતું. પોતાના રાજીનામાની પોસ્ટમાં ગૌરવ વલ્લભે કહ્યું હતું કે 'હું જ્યારે પાર્ટીમાં જોડાયો હતો તે સમયની કોંગ્રેસ અને અત્યારની કોંગ્રેસમાં દુનિયાનો તફાવત છે.' આ ઉપરાંત તેમણે વધુમાં કહ્યું કે 'તેઓ સવાર-સાંજ સનાતન વિરોધી નારા લગાવી શકતા નથી કે દેશના સંપત્તિ સર્જકોનો દુરુપયોગ કરી શકતા નથી. તેથી તેઓ કોંગ્રેસ પાર્ટીના પ્રાથમિક સભ્યપદની સાથે તમામ હોદ્દા પરથી રાજીનામું આપી રહ્યા છે.'ગૌરવ વલ્લભે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને લખેલા પત્રમાં કહ્યું હતું કે, 'હું ભાવુક છું. મન વ્યથિત છે. મારે ઘણું કહેવું છે, લખવું છે, પરંતુ, મારા સંસ્કાર મને આવું કંઈપણ કહેવાની મનાઈ કરે છે જેનાથી બીજાને દુઃખ થાય. તેમ છતાં, આજે હું મારા વિચારો તમારી સમક્ષ મૂકી રહ્યો છું, કારણ કે મને લાગે છે કે સત્ય છુપાવવું એ પણ ગુનો છે, અને હું આ ગુનાનો ભાગ બનવા માંગતો નથી. કોંગ્રેસ પ્રવક્તાએ આગળ લખ્યું હતું કે, 'હું ફાયનાન્સનો પ્રોફેસર છું. કોંગ્રેસ પાર્ટીનું સભ્યપદ મેળવ્યા બાદ પાર્ટીએ મને રાષ્ટ્રીય પ્રવક્તા બનાવ્યો હતો. ઘણા મુદ્દાઓ પર પાર્ટીનું વલણ દેશના મહાન લોકો સમક્ષ શક્તિશાળી રીતે રજૂ કરવામાં આવ્યું હતું. પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી હું પાર્ટીના સ્ટેન્ડથી અસ્વસ્થતા અનુભવી રહ્યો છું. જ્યારે હું કોંગ્રેસ પાર્ટીમાં જોડાયો ત્યારે હું માનતો હતો કે કોંગ્રેસ દેશની સૌથી જૂની પાર્ટી છે. જ્યાં યુવા, બૌદ્ધિક લોકો અને તેમના વિચારોનું મૂલ્ય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં મને સમજાયું કે પાર્ટીનું હાલનું સ્વરૂપ નવા વિચારો સાથે યુવાનો સાથે પોતાને સમાયોજિત કરવામાં સક્ષમ નથી.'

### દૂષિત પાણી પીવાના કારણે કેસમાં વધારો થયો

# બેંગલુરુમાં કોલેરાના કેસોમાં ધરખમ વધારો થતા ચકચાર

**બેંગ્લોરમાં પાણીની તંગી સર્જાઈ છે : હાલમાં જ બેંગ્લોરના મલ્લેશ્વરમ વિસ્તારમાં ક્લોરિયાના કેસની પુષ્ટિ થઈ છે**

બેંગ્લુરુ, તા.૪

બેંગ્લુરુમાં દૂષિત પાણીને કારણે કોલેરાના કેસમાં વધારો થયો છે. વાસ્તવમાં બેંગ્લોરમાં છેલ્લા કેટલાક સમયથી પાણીની તંગી છે. હાલમાં જ બેંગ્લોરના મલ્લેશ્વરમ વિસ્તારમાં ક્લોરિયાના કેસની પુષ્ટિ થઈ છે. તે જ સમયે, વિસ્તારની નજીક બે શંકાસ્પદ કેસ પણ નોંધાયા છે. શહેરમાં કોલેરાના કેસમાં વધારો થતાં ખાનગી હોસ્પિટલોમાં પણ દર્દીઓની સંખ્યા વધી રહી છે.

સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે બેંગલુરુમાં કોલેરાના કેસ વધવા પાછળ દૂષિત પાણી પીવું એક મોટું કારણ માનવામાં આવી રહ્યું છે. રિપોર્ટ અનુસાર બેંગ્લુરુમાં કોલેરાના કેસમાં ૫૦ ટકાનો વધારો થયો છે. માર્ચમાં કોલેરાના ૬, ૭ નવા કેસની પુષ્ટિ થઈ હતી. બેંગુલોરુ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ચીફ ડૉ. રમેશ જીએચએ પણ કહ્યું છે કે પાણીપુરી, સ્ટ્રીટ અને પ્રોસેસ્ડ ફૂડ કોલેરા પાછળનું મુખ્ય કારણ છે. કોલેરાના કારણે શરીરમાં ઈલેક્ટ્રોલાઈટનું સંતુલન પણ બગડી શકે છે.આ વચ્ચે, સ્પર્ષ હોસ્પિટલ, બેંગલુરુના સલાહકાર મેડિકલ ગેસ્ટ્રોએન્ટેરોલૉજ શ્રીહરિ ડી ને કહ્યું કે શહેરમાં હાલના દિવસોમાં કોલેરાના કેસોમાં ૫૦% ની વૃદ્ધિ નોંધવામાં આવી છે, સરેરાશ પ્રતિ દિવસ ઓછામાં ઓછો ૨૦ કેસ છે. તેમણે કહ્યું કે ખરાબ સ્વચ્છતા અને દૂષિત જળ સ્ત્રોત શહેરમાં કોલેરાના કેસમાં વધારો થવાના પ્રાથમિક કારણ છે.

શહેરની ઘણી ખાનગી હોસ્પિટલોમાં, સામાન્ય રીતે દર મહિને કોલેરાના માત્ર એક કે બે કેસ નોંધાય છે, પરંતુ માર્ચ દરમિયાન એક પખવાડિયા કરતાં ઓછા સમયમાં છ કે સાત કેસમાં નોંધપાત્ર વધારો થયો હતો. આરોગ્ય નિષ્ણાતો કોલેરાના કેસોમાં આ વધારો થવાનું કારણ નાના પાયાના ખાણીપીણી સ્ટોલમાંથી ખાધા પછી ચેપ લાગતા લોકોને આપે છે. પાણીની તીવ્ર અછતથી પ્રભાવિત આ યુનિયો પાણીની ગુણવત્તા સાથે કોમ્પ્રોમાઈઝ કરે છે, જેના કારણે પાણીજન્ય રોગો ફેલાય છે.

BBMP એ ભલે હજુ સુધી કોલેરા ફાટી નીકળવાની જાહેરાત કરી નથી, તેમ છતાં પેટના રોગો વધી રહ્યા હોવાથી શું કરવું અને શું ન કરવું તે અંગે એડવાઈઝરી જારી કરી છે. બ્રુહત બેંગલુરુ મ્યુનિસિપલ કોર્પોરેશનના ચીફ કમિશનર તુષાર ગિરી નાથે બિઝનેસ સ્ટાન્ડર્ડને જણાવ્યું કે મલ્લેશ્વરમ વિસ્તારમાં કોલેરાના એક કેસની પુષ્ટિ થઈ છે. બીએસએ તેને ટાંકીને કહ્યું કે, મલ્લેશ્વરમના એક પીજીમાં, એક કેસ કોલેરા પોઝીટીવ આવ્યો છે અને અન્યને પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. "અમે સ્ત્રોત અને તમામ દૂષણની ઓળખ કરી રહ્યા છીએ. ત્યાં કોઈ પ્રકોપ નથી. અમે તમામ સાવચેતીનાં પગલાં લઈ રહ્યા છીએ અને ટૂંક સમયમાં એક એડવાઈઝરી લઈને આવીશું.

### મેરઠ યુપીની હાઈ પ્રોફાઈલ લોકસભા બેઠક ગણાય છે

# સમાજવાદી પાર્ટીએ દલિત મેયર સુનિતા વર્માને ટિકિટ આપી

**ભાજપે ઉત્તર પ્રદેશની મેરઠ સીટથી રામાયણ સીરિયલમાં રામ બનેલા અરુણ ગોવિલને ટિકિટ આપી છે**

મેરઠ, તા.૪, યુપીના મેરઠમાં ભાજપ વતી રામાયણ સીરિયલમાં રામ બનેલા અરુણ ગોવિલ ચૂંટણીમાં મેદાનમાં છે. તેમની સામે સમાજવાદી પાર્ટીએ ઉમેદવાર બદલીને દલિત મેયર સુનિતા વર્માને ટિકિટ આપી છે. મેરઠ યુપીની હાઈ પ્રોફાઈલ લોકસભા બેઠક ગણાય છે. ભાજપે અહીં રામાયણ સીરિયલમાં રામ બનેલા અરુણ ગોવિલને ટિકિટ આપી છે તો સામે હવે સમાજવાદી પાર્ટીએ દલિત મેયર સુનિતા વર્માને ટિકિટ આપી છે તેમને શબરી ગણવામાં આવે છે. અખિલેશ યાદવે ત્રીજી વાર મેરઠના ઉમેદવાર બદલીને સુનિતા વર્માને મેદાનમાં ઉતાર્યા છે.સુનિતા વર્મા હસ્તિનાપુરના પૂર્વ ધારાસભ્ય યોગેશ વર્માની પત્ની છે. લગભગ દોઢ દાયકા પહેલાં જિલ્લા પંચાયતના સભ્ય બની રાજકારણમાં પ્રવેશેલી સુનિતા વર્મા મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમ દલિત મેયર બની હતી. ૨૦૧૭માં સુનિતા વર્મા મેરઠ શહેરમાંથી મેયર તરીકે ચૂંટાયા હતા. મેરઠના ભાજપના ઉમેદવાર પણ જાણીતો ચહેરો છે. ભાજપે અહીં રામાયણ સીરિયલમાં રામ બનેલા અરુણ ગોવિલને ટિકિટ આપી છે. હવે મુકાબલો રોચક બની રહેવાનો છે.

### ભારત, પાકિસ્તાન સહિતના દેશોના સ્ટુડન્ટને અસર થશે

# ઓસ્ટ્રેલિયામાં ભણવાના બદલે જોબ કરવા આવ્યા તો આકરા પગલાં લેવાશે

**ઓસ્ટ્રેલિયામાં ઘણા વિદ્યાર્થીઓ ક્વોલિટી એજ્યુકેશન માટે આવે છે : કેટલાકને જોબ કરવામાં વધુ રસ હોય છે**

સિડની, તા.૪

છેલ્લા એક દાયકા કરતા વધુ સમયથી ઓસ્ટ્રેલિયા ભારતીય સ્ટુડન્ટ્સમાં એક મનપસંદ દેશ બની ગયો છે. અમેરિકા, કેનેડા અને યુકે ઉપરાંત ઓસ્ટ્રેલિયામાં પણ ભારતીયોની સંખ્યા ખાસ્સી મોટી છે. કાંગારુનો દેશ ગણાતા ઓસ્ટ્રેલિયામાં ઘણા વિદ્યાર્થીઓ ક્વોલિટી એજ્યુકેશન માટે આવે છે, પરંતુ કેટલાક એવા પણ હોય છે જેમને અહીં ભણવા કરતા જોબ કરવામાં વધુ રસ હોય છે. ઓસ્ટ્રેલિયા આવા સ્ટુડન્ટ્સ સામે સખત બની રહ્યું છે અને તેની સામે પગલાં લેવાઈ રહ્યા છે.ઓસ્ટ્રેલિયાની સરકારે જાહેરાત કરી છે કે જેઓ અહીં ભણવા આવતા હોય તેમનું સ્વાગત છે, પરંતુ માત્ર કામની શોધમાં આવશો તે તેવા લોકો સામે એક્શન લેવાશે. ઓસ્ટ્રેલિયામાં માત્ર જેન્યુઈન સ્ટુડન્ટ જ આવે તે માટે અંગ્રેજી લેંગ્વેજની ટેસ્ટમાં વધુ ઊંચો સ્કોર કરવો પડશે. અગાઉ અંગ્રેજીના ઓછા નોલેજથી પણ ચાલી જતું હતું, પરંતુ હવે તે નહીં ચાલે. સ્ટુડન્ટ અને ગ્રેજ્યુએટ વિઝા માટે હવેથી વધુ સારા અંગ્રેજીની જરૂર પડશે. ઓસ્ટ્રેલિયાના હોમ મિનિસ્ટર ક્લેર ઓ નીલે કહ્યું કે માઈગ્રેશનને ધીમું પાડવા માટે જે સ્ટ્રેટેજી ઘડવામાં આવી છે તેનું પાલન કરવામાં આવશે. ગયા વર્ષે પણ ઓસ્ટ્રેલિયા એવા કેટલાક પગલાં લીધા હતા જેના કારણે સ્ટુડન્ટ અહીં કામ કરવા માટે નહીં પરંતુ ભણવા માટે આવે. કોવિડ વખતે સ્ટુડન્ટ્સને જે રાહતો આપવામાં આવી હતી તે ગયા વર્ષે બંધ કરી દેવાઈ હતી. ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ માટે અગાઉ કામના કલાકો નક્કી નહોતા થયા, પરંતુ હવે અમુક કલાક જ કામ કરી શકાશે.ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ કે નેપાળ જેવા દેશોના સ્ટુડન્ટ ઓસ્ટ્રેલિયા આવે ત્યારે તેઓ ડોલર કમાવા માટે ગમે ત્યાં કામ કરવા તૈયાર થઈ જાય છે. તેના કારણે કામના સ્થળ પર તેમનું શોષણ થાય છે અને તેમનો અભ્યાસ પણ બગડે છે. આવું ન થાય તે માટે અહીંની સરકાર હવે પગલાં લેવા લાગી છે. ઓસ્ટ્રેલિયાના સ્ટુડન્ટ વિઝા માટે અંગ્રેજીની xuMx IELTSમાં અગાઉ ૫.૫નો સ્કોર જરૂરી હતો જે હવે વધારીને ૬.૦ કરવામાં આવ્યો છે. તેવી જ રીતે ગ્રેજ્યુએટ વિઝા માટે IELTSમાં ૬.૦નો સ્કોર નહીં ચાલે, તેના બદલે ૬.૫ નો સ્કોર કરવો પડશે.સરકાર પાસે એવો અધિકાર છે કે કોઈ કોલેજ કે યુનિવર્સિટી વિદેશી સ્ટુડન્ટને એડમિશન આપવામાં ગોટાળા કરે અને તેનું કામકાજ શંકાસ્પદ જણાય તો તેને ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ લેવાની મનાઈ કરી શકાય છે. તેના કારણે ઘણી કોલેજો અને યુનિવર્સિટીઓ સુધરી જવાની છે. આવી કોલેજોનો સ્થાનિક ભાષામાં ઘોસ્ટ કોલેજ અથવા ભૂતિયા કોલેજ અને વિઝા ફેક્ટરી કહેવામાં આવે છે. આવી સંસ્થાઓને શરૂઆતમાં નોટિસ અપાશે, કામગીરી સુધારવા માટે ૬ મહિનાનો સમય અપાશે અને છતાં સ્થિતિ નહીં સુધરે તો તેમને સસ્પેન્ડ કરવામાં આવશે. તેથી આવી કોલેજોમાં એડમિશન લઈને ઓસ્ટ્રેલિયા જવાનો તો વિચાર જ ન કરતા. ત્રીજી વાત, ઓસ્ટ્રેલિયામાં હવે જેન્યુઈન સ્ટુડન્ટ ટેસ્ટ કરવામાં આવશે તેથી કોને ભણવામાં રસ છે અને કોને અહીં આવીને કામ કરવું છે તેની ખબર પડી જશે. આ ટેસ્ટમાં સ્ટુડન્ટને તેઓ ઓસ્ટ્રેલિયામાં જે તે કોર્સ કરવા માટે શા માટે આવી રહ્યા છે અને તેમની ઈકોનોમિક સ્થિતિ કેવી છે તે પૂછવામાં આવશે. જવાબ સંતોષકારક નહીં હોય તો વિઝા નહીં મળે. આ ઉપરાંત સ્ટુડન્ટે એક બાંહેધરી પણ લખી આપવી પડશે અને તેનો ભંગ થશે તો કાઢી મૂકવામાં આવશે.આટલું ઓછું હોય ત્યાં ઓસ્ટ્રેલિયા હવે વિઝિટર વિઝા માટે "no further stay"ની કંડિશન પણ લાગુ કરે છે. તેના કારણે જે વિઝાની કંડિશન પર આવ્યા હોય તેનું જ પાલન કરવું પડશે. ઓસ્ટ્રેલિયાની આ પોલિસીના કારણે ગયા સપ્ટેમ્બર મહિનાથી માઈગ્રેશનના લેવલમાં પણ ઘટાડો થયો છે. અગાઉના વર્ષની તુલનામાં સ્ટુડન્ટ વિઝા ગ્રાન્ટમાં ૩૫ ટકાનો ઘટાડો થયો છે. આના કારણે ઓસ્ટ્રેલિયામાં માઈગ્રેશન પણ ઘટશે અને જોબના બદલે એજ્યુકેશનમાં રસ હોય તેવા સ્ટુડન્ટ વધારે આવશે. જોકે, આ નીતિથી ભારતના હજારો સ્ટુડન્ટને નિરાશા થાય તેવી શક્યતા છે.

### રૂપાલાએ કરેલી ટીપ્પણી સામે ભારે રોષ

# ગોંડલની કોર્ટમાં પરષોતમ રૂપાલા સામે ફરિયાદ થઈ

## ગોંડલનાં ચોરડી રહેતા હર્ષદસિહ ઘનશ્યામસિહ ઝાલાએ કોર્ટમાં પરષોતમ રુપાલા સામે ફરિયાદ કરી

ગોંડલ, તા.૪

રાજકોટ લોકસભાનાં ઉમેદવાર પરષોતમ રૂપાલાએ રાજા મહારાજા અંગે કરેલી નિમ્ન કક્ષાની ટીપ્પણી અને વાણીવિલાસ સામે ક્ષત્રિય સમાજ રોષે ભરાયો છે અને ગુજરાત ભરમાં ઠેરઠેર વિરોધ પ્રદર્શિત થઈ રહ્યો છે. ત્યારે ગોંડલની કોર્ટમાં પરષોતમ રૂપાલા સામે કલમ ૪૯૯,૫૦૦ મુજબ ફરિયાદ થવા પામી છે. ગોંડલનાં ચોરડી રહેતા હર્ષદસિહ ઘનશ્યામસિહ ઝાલાએ કોર્ટમાં પરષોતમ રુપાલા સામે કરેલી ફરિયાદમાં જણાવ્યું કે સતાની લાલસામાં રુખી સમાજમાં મત મેળવવા, ક્ષત્રીય સમાજને નીચો બતાવવા રાજા રજવાડાઓને હલકા ચીતરી હીનકક્ષાનો વાણી વિલાસ કર્યો હોય જેનો વિડિયો વાયરલ થતા ક્ષત્રિય સમાજની આબરુને ઠેસ પહોંચીછે. આ રીતે ક્ષત્રિય સમાજની બદનક્ષી થઈ હોય પરષોતમ રૂપાલા સામે કાર્યવાહી કરવા જણાવાયું હતું. બીજી બાજુ ભાજપ રૂપાલાની ટિકિટ કાપવાના મૂડમાં નથી હવે આગામી દિવસોમાં રાજકોટથી ફેલાયેલી આગ દેશભરમાં ફેલાય તો નવાઈ નહીં. આ આગને કોણ પેટ્રોલ છાંટી રહ્યું છે એ સૌથી મોટો સવાલ છે. દિલ્હી હાઈકમાન્ડની ચૂપકીદી પણ હવે ગુજરાતમાં ચર્ચામાં આવી છે.રૂપાલાને હટાવવાની માગ પર ક્ષત્રિય સમાજ અડગ છે. કોઈપણ કિંમતે રૂપાલાને માફ કરવા ક્ષત્રિયો તૈયાર નથી. ત્યારે પરશોત્તમ રૂપાલાના સમર્થનમાં પાટીદારો આવ્યા છે. આ માટે રાજકોટમાં આજે સાંજે પાટીદારોની ચિંતન બેઠક યોજાવાની છે. કડવા અને લેઉવા પાટીદારોની સંયુક્ત બેઠકનું આયોજન કરાયું છે. પાટીદાર સંસ્થાઓના ટ્રસ્ટીઓ અને નેતાઓને આમંત્રણ છે. માફી માગવા છતાં ક્ષત્રિયોના વિરોધથી પાટીદારો નારાજ થયા છે.

### ચાંદીમાં પણ ૧૦૦૦નો વધારો

# ૮૫૦ રૂપિયાના વધારા સાથે સોનું ૭૦,૦૦૦ને પાર થયું

## ચાંદીમાંપણ૧૦૦૦ રૂપિયાનો ઉછાળા સાથે ૮૧,૭૦૦ રૂપિયા પ્રતિ કિલગ્રામના નવો રેકોર્ડ સ્તર પર પહોંચી

નવી દિલ્હી, તા.૪

દિલ્હી બુલિયન માર્કેટમાં ગુરુવારે સોનું ૮૫૦ રૂપિયાના ઉછાળા સાથે ૭૦,૦૫૦ પ્રતિ ૧૦ ગ્રામના નવા ભાવે પહોંચી ગયું છે. આ સતત બીજુ સત્ર છે, જ્યારે કિમતી ધાતુઓની કિંમત ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગઈ છે. આ દરમ્યાન ચાંદીમાં પણ ૧૦૦૦ રૂપિયાનો ઉછાળા સાથે ૮૧,૭૦૦ રૂપિયા પ્રતિ કિલગ્રામના નવો રેકોર્ડ સ્તર પર પહોંચી ગઈ છે. મજબૂત વૈશ્વિક સંકેતોની વચ્ચે ગુરુવારે દિલ્હી બુલિયન માર્કેટમાં સોનું ૮૫૦ રૂપિયાના ઉછાળા સાથે ૭૦,૦૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના નવા ભાવે પહોંચી ગયું છે. આ સતત બીજું સત્ર છે, જ્યારે કિંમતી ધાતુની કિંમત ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગઈ છે. આનાથી પાછલા કારોબારી સત્રમાં સોનું ૬૯,૨૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થયું હતું. આ દરમ્યાન ચાંદી પણ ૧૦૦૦ રૂપિયા ઉછળીને ૮૧,૭૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામના નવા રેકોર્ડ સ્તર પર પહોંચી ગઈ. પાછલા સત્રમાં તે ૮૦,૭૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ થઈ હતી.

એચડીએફસી સિક્યોરિટીઝના વરિષ્ઠ વિશ્લેષક સૌમિલ ગાંધીએ કહ્યું કે, વિદેશી બજારમાં તેજીના વલણ વચ્ચે દિલ્હી બુલિયન માર્કેટમાં ૨૪ કેરેટ સોનની હાજર કિંમત ૮૫૦ રૂપિયા તેજી સાથે ૭૦,૦૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ કારોબાર કરતી દેખાઈ છે.

### દિલ્હીથી પરત ફર્યા બાદ રુપાલાનું નિવેદન

# મને તમામ સમાજનું અને ક્ષત્રિય સમાજના અનેક નેતાનું સમર્થન છે

## ક્ષત્રિય સમાજ મુદ્દે હવે મારે કંઈ કહેવું નથી, વિવાદમાં આગ હોમવાનો મારો કોઈ આશય નથી : રૂપાલા

રાજકોટ, તા.૪

ક્ષત્રિય સમાજ વિશે વિવાદાસ્પદ નિવેદન બાદ ક્ષત્રિય સમાજના રોષનો ભોગ બનેલા પરષોતમ રૂપાલાએ આજે એક મોટો દાવો કર્યો તેમણે મીડિયા સમક્ષ રૂબરૂ થતાં જણાવ્યું કે, ‘‘મને તમામ સમાજનું અને ક્ષત્રિય સમાજના અનેક નેતાઓનું પણ સમર્થન છે. ક્ષત્રિય સમાજ મુદ્દે હવે મારે કંઈ કહેવું નથી, વિવાદમાં આગ હોમવાનો મારો કોઈ આશય નથીઃ’’ આ સાથે તેમણે આ મુદ્દાને વધુ હવા ન આપવા મીડિયાને પણ સલાહ આપી દીધી. ગઈકાલે દિલ્હીમાં કેબિનેટ બેઠક મળી હતી, જેમાં કેબિનેટ મંત્રી પરશોત્તમ રુપાલા અને મનસુખ માંડવિયા પણ હાજર રહ્યા હતા.પરશોત્તમ રુપાલાએ દિલ્હીથી પરત ફર્યા બાદ ક્ષત્રિય સમાજના વધતા વિરોધ મુદ્દે મીડિયા સમક્ષ નિવેદન આપ્યુ છે. તેમણે તમામ સમાજનું સમર્થન હોવાનો દાવો કર્યો છે. તેમણે મીડિયા સમક્ષ જણાવ્યુ કે ક્ષત્રિય સમાજના ઘણા આગેવાનોનું પણ સમર્થન છે. મેં મારા તમામ વિચારો રજૂ કરી દીધા છે. હવે આ વિવાદને વધુ લંબાવવાની જરૂર નથી. આ વિવાદના વંટોળ બાદ હવે ૭ એપ્રિલે સુરતમાં પરશોત્તમ રૂપાલાના સમર્થનમાં સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે..સુરતના મોટા વરાછાના ગોપીન ગામમાં સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્નેહ મિલનમાં સુરતમાં રહેતા સૌરાષ્ટ્રવાસીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સ્નેહ મિલનમાં પાટીદાર સહિતના સૌરાષ્ટ્રવાસીઓને ઉપસ્થિત આહવાન આપવામાં આવ્યું છે. રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રૂપાલાએ ચૂંટણીપ્રચાર દરમિયાન વિવાદિત નિવેદન આપ્યું હતું. રાજકોટ ખાતે વાલ્મીકિ સમાજના એક સ્નેહમિલન સમારોહમાં સભા સંબોધતા તેમણે ક્ષત્રિય સમાજ વિશે વિવાદિત નિવેદન આપ્યું હતું. જેનો વીડિયો વાયરલ પણ વાયરલ થયો હતો. આ વાયરલ વીડિયોમાં તેઓ જૂના જમાનાના રાજવીઓ અંગે વિવાદાસ્પદ નિવેદન આપતા જોવા મળે છે. તેમણે કહ્યું હતું કે, અંગ્રેજો સહિત ઘણી પ્રજા રહી. તેમણે દમન કરવામાં કાંઈ બાકી નહોતું રાખ્યું, તેમણે આગળ કહ્યું હતું.તેઓ આગળ કહે છે કે, એ સમયે મહારાજા ય નમ્યા. એમણે રોટી-બેટીના વ્યવહાર કયા આ નિવેદનને લઈને ક્ષત્રિય સમાજની લાગણી દુભાઇ છે અને સમાજમાં રોષ વ્યાપી ગયો છે. જો કે આ નિવેદનને લઈને તેઓ માફી પણ માગી ચૂક્યાં છે.

### રૂપાલાના નિવેદન પર વૈષ્ણવ સમાજ મેદાને

# ડો.સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્યએ રૂપાલાને હટાવવાની કરી માગણી

## રૂપાલાને નહીં હટાવાય તો રાજકોટના ગામે ગામ વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો અને સાધુ સંતો મેદાને ઉતરશે

હિંમતનગર, તા.૪

પરષોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદન મામલે હવે વૈષ્ણવ સંપ્રદાય પણ મેદાને આવ્યો છે. વાત જાણે એમ છે કે, અખિલ ભારતીય વૈષ્ણવ આચાર્ય પરિષદના આધ્યક્ષે જણાવ્યું હતું કે, પરષોત્તમ રૂપાલાને હટાવવામાં નહીં આવે તો રાજકોટના ગામે ગામ વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો અને સાધુ સંતો ઉતરશે. મહત્વનું છે કે, ગઈકાલે પણ ક્ષત્રિય સમાજની બેઠકમાં પણ વિવાદિત નિવેદનને લઈ પરષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની જ માંગ કરાઈ છે. આ તરફ આજે બપોરે દિલ્હીથી પરત આવેલ પરષોત્તમ રૂપાલાએ કહ્યું કે, દરેક સમાજ અમારા સમર્થનમાં છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની મુલાકાતે આવેલા અખિલ ભારતીય વૈષ્ણવ આચાર્ય પરિષદના અધ્યક્ષ ડો.સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્યના નિવેદનથી ફરી રાજકારણ ગરમાયું છે. વાત જાણે એમ છે કે, પરષોત્તમ રૂપાલાના વિવાદિત નિવેદનને લઈ હવે અખિલ ભારતીય વૈષ્ણવ આચાર્ય પરિષદના અધ્યક્ષ ડો.સ્વામી ગૌરાંગશરણ દેવાચાર્યએ પણ નિવેદન આપતા કહ્યું છે કે, પરષોત્તમ રૂપાલાને હટાવવામાં નહીં આવે તો રાજકોટના ગામે ગામ વૈષ્ણવ સંપ્રદાયના આચાર્યો અને સાધુ સંતો ઉતરશે.રાજકોટ ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા દિલ્લીથી પરત ફર્યા છે. દિલ્હીથી પરત ફરેલ પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે બોલવાનું ટાળી કહ્યું છે કે, તમામ સમાજનું મારા સાથે સમર્થન છે. ક્ષત્રિય સમાજની અમારા આગેવાનો સાથે ચર્ચા થઈ અને ક્ષત્રિય સમાજ વિશે હવે કઈ કહેવાનું નથી. આ સાથે તેમણે ઉમેર્યું છે કે, કેબિનેટની બેઠક માટે દિલ્લી ગયો હતો.

### ચીફ જસ્ટીસ આમીર ફારુકને પણ ધમકીભર્યો પત્ર મળ્યો

# પાકિસ્તાનમાં ન્યાયતંત્ર પર જોખમ આઠ ન્યાયાધીશોને મોતની ધમકી મળી

## એક અહેવાલ મુજબ, ઇસ્લામાબાદ હાઇકોર્ટના આઠ જજોને ધમકી ભર્યા પત્રો મળ્યો છે

ઈસ્લામાબાદ, તા.૪

આતંકવાદનો પર્યાય બની ગયેલા પાકિસ્તાનમાં લોકો પોતાની સુરક્ષાને લઈને ચિંતિત રહે છે. જોકે, હવે જજોની જિંદગીને ખતરો પેદા થયો છે. મંગળવારે પ્રગટ થયેલા મીડિયાના એક અહેવાલ મુજબ, ચીફ જસ્ટિસ આમિર ફારુક સહિત ઈસ્લામાબાદ હાઈકોર્ટના આઠ જજોને ધમકી ભર્યા પત્રો મળ્યા છે. આ પત્રમાં શંકાસ્પદ પદાર્થ પણ મળ્યો હતો. આ પહેલા ન્યાયિક મામલામાં પાકિસ્તાનની શક્તિશાળી જાસૂસી એજન્સી આઈએસઆઈનો હસ્તક્ષેપ હોવાનો આરોપ લાગી ચૂકયા છે. આ ઘટનાક્રમ પછી જજોની સુરક્ષાને લઈને ચિંતા વધી છે. આ પહેલા ઈસ્લામાબાદ હાઈકોર્ટના છ જજો દ્વારા સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ કાજી ફૈસ ઈસાને એક પત્ર લખવામાં આવ્યો હતો, જેમાં તેમણે દેશની જાસૂસી એજન્સીઓ દ્વારા ન્યાયિક મામલામાં હસ્તક્ષેપની ફરિયાદ કરી હતી. પત્ર મળ્યાની પુષ્ટિ કરતા ફારુકે એક મામલાની સુનાવણી દરમિયાન કહ્યું કે આ ઘટનાને કારણે દિવસની સુનાવણીમાં વિલંબ થયો હતો. પાકિસ્તાનના મીડિયામાં સૂત્રોના હવાલાથી એક અહેવાલ પ્રગટ થયો, જેમાં જણાવ્યું છે કે જ્યારે બે જજોને સ્ટાફે પત્ર ખોલ્યા તો તેની અંદર પાઉડર મળ્યો અને પછી આંખમાં બળતરાનો અનુભવ થયો. સાવધાનીના ભાગ રુપે સેનેટાઈઝરનો ઉપયોગ કરી અને હાથ ધોઈને રાહત મળી હતી. ઈસ્લામાબાદ પોલીસની નિષ્ણાતોની ટીમ શંકાસ્પદ પાઉડરની તપાસ કરી રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર આ પત્ર કથિત રીતે એક મહિલા દ્વારા લખવામાં આવ્યો હતો. કોર્ટે સમગ્ર મામલે પોલીસની ટીમને બોલાવી હતી. સાથે જ પત્રોની વધુ તપાસ કરવા માટે એન્ટિ ટેરરિસ્ટ ડિપાર્ડમેન્ટને સોંપી દેવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ ઘટના ચીફ જસ્ટિસ દ્વારા જાસૂસી એજન્સીઓના હસ્તક્ષેપ અંગે હાઈકોર્ટ જજોના પત્ર પર સુઓ મોટો કાર્યવાહી કરવાની જાહેરાતના એક પછી બની છે.

### રાજ્યપાલે નેશનલ મેરીટાઇમ દિવસની શુભેચ્છા પાઠવી

# રાજ્યપાલ દેવવ્રતને નેવી ડે ના લઘુધ્વજની પીન અર્પણ કરાઈ

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ભારતના આર્થિક વિકાસમાં સમુદ્રી વ્યાપારના યોગદાન વિશે વિસ્તૃત જાણકારી આપી

ગાંધીનગર, તા.૪

રાષ્ટ્રીય દરિયાઈ દિવસ - નેશનલ મેરીટાઈમ ડેની ઉજવણી અંતર્ગત ભારત સરકારના બંદરો, શિપિંગ અને જલમાર્ગ મંત્રાલય, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા, અદાણી પોર્ટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તથા ગુજરાતની સમુદ્રી પ્રશિક્ષણ સંસ્થાઓના પ્રતિનિધિઓએ આજે રાજભવનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મર્ચન્ટ નેવી ડેના લઘુધ્વજની પીન અર્પણ કરી હતી.રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નેશનલ મેરીટાઇમ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને ભારતના આર્થિક વિકાસમાં સમુદ્રી વ્યાપારના યોગદાન વિશે વિસ્તૃત જાણકારી આપી હતી. ભારતમાં પ્રતિ વર્ષ ૩૦ માર્ચથી ૫ એપ્રિલ દરમિયાન રાષ્ટ્રીય સમુદ્રી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ભારતની સૌપ્રથમ સ્વદેશી સ્ટીમશીપ ’એસ.એસ. લૉયલ્ટી’ એ વર્ષ-૧૯૧૯ ની તા.૫ મી એપ્રિલે મુંબઈથી લંડન સુધીની સૌપ્રથમ સફરની શરૂઆત કરી હતી. ભારતીય દરિયાઈ ઈતિહાસની આ ગૌરવશાળી ઘટનાની સ્મૃતિમાં ૫ મી એપ્રિલે રાષ્ટ્રીય દરિયાઈ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સામુદ્રિક ક્ષેત્રના વિકાસ અને દરિયાઈ સુરક્ષા સુદ્રઢ કરવાના ઉદ્દેશ્ય સાથે નેશનલ મેરીટાઈમ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે સુ’દ્રઢ શિપિંગ સંભાવનાઓ અને સમસ્યાઓ’ થીમ સાથે સમુદ્રી વાણિજ્ય વિભાગ, કંડલા, દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલા, ગુજરાત મેરીટાઈમ બોર્ડ, અદાણી પોર્ટ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન તથા ગુજરાતની સમુદ્રી પ્રશિક્ષણ સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે નેશનલ મેરીટાઈમ દિવસની ઉજવણી થઈ રહી છે.૬૧ મા રાષ્ટ્રીય સમુદ્રી સપ્તાહ અંતર્ગત નેશનલ મેરીટાઈમ ડે ની ઉજવણીની પૂર્વ સંધ્યાએ ભારત સરકારના બંદરો, શિપિંગ અને જલમાર્ગ મંત્રાલયના સમુદ્રી વાણિજ્ય વિભાગ, કંડલાના ઉપ-સમુદ્રી સલાહકાર તથા વરિષ્ઠ ઉપ નૌવહન મહાનિદેશક કેપ્ટન સંતોષકુમાર દારોકાર, ગુજરાત મેરીટાઈમ બોર્ડના ઉપાધ્યક્ષ અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી રાજકુમાર બેનીવાલ, દીનદયાલ પોર્ટ ઓથોરિટી, કંડલાના ચેરમેન શ્રી એસ. કે. મહેતા, ગણપત વિશ્વવિદ્યાલયના અધ્યક્ષ પદ્મશ્રી ગણપતભાઈ આઈ. પટેલ, ગુજરાત મેરીટાઈમ બોર્ડના પ્રમુખ સમુદ્રી અધિકારી કેપ્ટન બી. લાડવા, સમુદ્રી વાણિજ્ય વિભાગ, કંડલાના એન્જિનિયર અને શીપ સુપરવાઈઝર આશિષ વાનખેડે તથા જીતેન્દ્રસિંહ રાવતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતનું અભિવાદન કર્યું હતું. રાજ્યપાલેપણ સૌ મહાનુભાવોને પીન પહેરાવી હતી.

### વિદેશમાં અભ્યાસનો ખર્ચ સતત વધી રહ્યો છે

# વિદેશમાં મોંઘવારીથી ત્રાહિમામ પોકારી ગયા ભારતીય વિદ્યાર્થીઓ

## વિદેશમાં સૌથી મોટી મુશ્કેલી ભાડાની છે. સ્થિતિ એવી છે કે એક બેડ પર એકથી વધુ વ્યક્તિએ રહેવું પડે છે

વોશિંગ્ટન, તા.૪

ભારતમાંથી વિદેશ ભણવા જવાનો ક્રેઝ વધી ગયો છે. અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં દર વર્ષે જેટલી પણ સ્ટુડન્ટ વિઝા અરજી આવતી હોય છે તેમાંથી મોટા ભાગની ભારતમાંથી આવતી હોય છે. જોકે, હવે વિદેશમાં મોંઘવારી વધી રહી છે જેના કારણે ત્યાં રહેવા-જમવાનો ખર્ચ પણ વધી રહ્યો છે. વિદેશમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ માટે મોંઘા શિક્ષણની સાથે સાથે જીવન નિર્વાહ પણ મોંઘો બની રહ્યો છે. ખાસ કરીને તાજેતરના વર્ષોમાં ભાડા ડબલ થઈ ગયા છે. કોવિડ પછી આમાં વધુ વધારો થયો છે. કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુકે, અમેરિકા સહિતના કેટલાક યુરોપિયન દેશોમાં વિદ્યાર્થીઓ માટે પોસાય તેવા આવાસ મેળવવું લગભગ અશક્ય બની રહ્યું છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે અભ્યાસ માટે સ્કોલરશિપ મળે તો પણ ભાડું, ખાવા-પીવાનો ખર્ચ એટલો વધી ગયો છે કે પરિવારોએ આ માટે પણ મોટી લોન લેવી પડે છે. પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે એક રૂમમાં પણ વિદ્યાર્થીઓએ બેડ શેર કરવા પડી રહ્યા છે.ગયા વર્ષે ૭૫ હજાર ભારતીય વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા ગયા હતા અને આ સંખ્યા ઝડપથી વધી રહી છે. ૨૦૨૨માં ૨.૧૫ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા ગયા હતા. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં કેનેડામાં ફક્ત ભારતીય જ નહીં પરંતુ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે ત્યાં હાઉસિંગ કટોકટી ઊભી થઈ છે. જેના કારણે હવે કેનેડા વિદ્યાર્થીઓની સંખ્યા પર નિયંત્રણ મેળવવા માટે પરમિટમાં ઘટાડો કરી રહ્યું છે. આ સિવાય ઓસ્ટ્રેલિયામાં છેલ્લા કેટલાક વર્ષોમાં માંગ અને પુરવઠાનો ગુણોત્તર બગડવા લાગ્યો છે અને તેના કારણે વિદ્યાર્થીઓ માટે ત્યાં રહેવું મોંઘુ બની રહ્યું છે. ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓ ખાસ કરીને એશિયાના વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરે છે. છેલ્લા એક-બે વર્ષમાં કેટલીક યુનિવર્સિટીઓમાં રજિસ્ટ્રેશન ૪૦ ટકાથી વધુ વધી છે.સિડનીમાં માર્કેટિંગની વિદ્યાર્થીની રાશિ રસ્તોગી કહે છે કે અહીં માત્ર ભણવું જ મોંઘું નથી, અહીં રહેવાનું પણ મોંઘું થઈ રહ્યું છે. હું પોતે બે રૂમના ફ્લેટમાં રહું છું જેને અમે ચાર વિદ્યાર્થીઓ શેર કરીએ છીએ. હું ભાડા પેટે ૧૨૦૦ ડોલર ચૂકવી રહી છું. બે વર્ષ પહેલાં મારું ભાડું લગભગ ૭૦૦ ડોલર હતું. નવા વિદ્યાર્થીઓ માટે સસ્તો રૂમ મેળવવો એ એક મોટો પડકાર છે. અહીં દર અઠવાડિયે ૩૦૦થી ૫૦૦ ડોલર નિશ્ચિત છે. દરેક રાજ્યમાં આ જ સ્થિતિ છે. ખાનગી મકાનો વધુને વધુ મોંઘા થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ ક્યાંકને ક્યાંક નોકરી કરીને પોતાના જીવન નિર્વાહ માટે મોંઘો ખર્ચ મેનેજ કરી રહ્યા છે. જેમની પાસે કામ નથી અને જેમના પરિવાર આર્થિક રીતે મજબૂત નથી તેમના માટે પરિસ્થિતિ વધારેને વધારે કપરી બની રહી છે.કેનેડામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ મોંઘા મકાનોની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. કેનેડામાં હાઉસિંગની સમસ્યા સતત વકરી રહી છે અને સરકાર પર તેને પહોંચી વળવા માટે દબાણ વધી રહ્યું છે. તેથી સરકાર અન્ય દેશોમાંથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવાનું વિચારી રહી છે અને તે માટે પ્રયાસો પણ શરૂ કરી દીધા છે. મોન્ટ્રીયલ, એડમન્ટન અને ટોરન્ટો શહેરોમાં આ સમસ્યા વધુ છે. દિલ્હીના પંજાબી બાગમાં રહેતા આરકે સાહનીનો પુત્ર કેનેડામાં મ્મ્છ્ર કરી રહ્યા છે. તેઓ કહે છે કે, ગયા વર્ષે મારો દીકરો ટોરન્ટો ગયો હતો. જીવન ખર્ચ એક વર્ષમાં લગભગ ૨૦%-૩૦% વધ્યો છે. તે ત્રણ લોકો સાથે શેરિંગમાં રહે છે, ભાડું દર મહિને ૩૦૦ ડોલર છે. મારા મિત્રની પુત્રી તો બેના શેરિંગ માટે ૭૦૦ ડોલર ચૂકવે છે. સમસ્યા એ છે કે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે કામ કરવાની વધુ તક મળતી નથી. પરિસ્થિતિ એવી છે કે ત્યાંના વિદ્યાર્થીઓ રૂમમેટ નહીં પણ બેડમેટ શોધે છે જેથી ખર્ચ વધુ ઘટાડી શકાય. યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પણ પડી છે. મેડિકલ વિદ્યાર્થીઓને યુક્રેનથી તેના પડોશી યુરોપિયન દેશોમાં શિફ્ટ થવું પડ્યું છે. દિલ્હીની સ્ટુડન્ટ પ્રેરણા માટે પોલેન્ડમાં મેડિકલનો અભ્યાસ પૂરો કરવો ઘણો મોંઘો છે. તેણે જણાવ્યું હતું કે, મારા પિતાએ લોન લીધી છે. જોકે અહીં રહેવું મોંઘું છે. ફીમાં ઘણી છૂટ આપવામાં આવી છે. પરંતુ રહેવાનો ખર્ચો ઘણો મોંઘો છે તેથી ઘણા વિદ્યાર્થીઓ ઉઝબેકિસ્તાન અને કિર્ગિસ્તાન જેવા દેશોમાં જાય છે.

### પરીક્ષાખંડના CCTVની ચકાસણી કરતાં મોટો ઘટસ્ફોટ થયો

# બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા બાદ ૨૧ ગેરરીતિના કેસ નોંધાયા

## પરીક્ષાખંડના CCTV ફૂટેજ ચકાસતા ૨૭ જેટલા લોકોની હિલચાલ વધુ શંકાસ્પદ લાગી હતી

અમદાવાદ, તા.૪

ગુજરાતમાં બોર્ડ પરીક્ષાઓ પૂર્ણ થઈ ગઈ છે. પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ પરીક્ષાખંડના CCTVની ચકાસણી કરતાં મોટો ઘટસ્ફોટ થયો છે. CCTV ફૂટેજની ચકાસણી કરતાં ગેરરીતિના વધુ કેસો સામે આવ્યા છે. ફૂટેજમાં સામે આવ્યું કે અમદાવાદ ગ્રામ્યમાં ૨૧ જેટલા લોકો પરીક્ષાખંડમાં બોર્ડની પરીક્ષામાં ચોરી કરી રહ્યા હતા. પરીક્ષાખંડના CCTV ફૂટેજ ચકાસતા ૨૭ જેટલા લોકોની હિલચાલ વધુ શંકાસ્પદ લાગી હતી.

જિલ્લા કક્ષાએ આ બાબતે વધુ તપાસ કરતાં ૨૧ જેટલા લોકોએ પરીક્ષાના વર્ગખંડમાં ચોરી કરી હતી. જ્યારે ૬ લોકો નિર્દોષ સાબિત થયા હતા. CCTV ફૂટેજના આધારે ૨૧ વિદ્યાર્થીઓના કેસ DEO કચેરીને મોકલી આપવામાં આવ્યા છે. જે સંદર્ભે કચેરી CCTV ફૂટેજની પૂર્ણતઃ તપાસ કર્યા બાદ સંબંધિત યોગ્ય નિર્ણય લેવામાં આવશે. ૨૧ ગેરરીતિના કેસમાં ધોરણ-૧૦ના ૧૩, ધોરણ-૧૨ સાયન્સના ૧ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહના ૭ કેસ નોંધાયા હતા. બોર્ડ દ્વારા આ તમામ ૨૧ કેસમાં હિયરીંગ કરાયા બાદ સજા મામલે નિર્ણય કરાશે.મહત્વનું છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. રાજ્યમાં બોર્ડની પરીક્ષામાં ચોરી કરતા વિદ્યાર્થીઓ પકડાયા હતા. જો કે કેટલાક વિદ્યાર્થી વધુ ઉસ્તાદ નીકળ્યા જે શિક્ષકની નજરમાં આવી શક્યા નહોતા. આ ઉસ્તાદ વિદ્યાર્થી શિક્ષકની નજરથી બચી ગયા પરતું CCTVમાં કેદ થઈ ગયા છે. અમદાવાદ ગ્રામ્ય અને શહેરમાં ૨૧ ગેરરીતિના કેસ નોંધાયા. વિદ્યાર્થીઓ પર ગેરરીતિ મામલે હિયરીંગ હાથ ધરવામાં આવી હતી. આજે ગ્રામ્ય ડીઈઓ કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલ હિયરીંગ સેશન પૂર્ણ થયું હતું. બોર્ડ નિયમ મુજબ પરીક્ષા દરમ્યાન કાપલી આપવી, ઉત્તરવહી બદલવી તેમજ કોઈ સાહિત્યની આપ-લે કરવું ગુનો ગણાય છે. પરીક્ષા ખંડના CCTV ફૂટેજની ચકાસણીમાં વિદ્યાર્થીઓ આ નિયમનું ઉલ્લંઘન કરતા નજરે પડ્યા છે.

અને આ ફૂટેજના આધારે આ વિદ્યાર્થીઓના કેસમાં હિયરીંગ કરતા તમામ વિગતો ડીઈઓ કચેરી બોર્ડને મોકલવામાં આવી છે. આગામી દિવસોમાં ગુજરાત શિક્ષણ બોર્ડ રાજ્યમાં સામે આવેલા તમામ ગેરરીતિના કેસનું હિયરીંગ હાથ ધરશે.

### સતત બીજી મેચમાં ફટકારી અડધી સદી

# મોતના મુખથી બહાર આવી પંતે કર્યો ચોગ્ગા-છગ્ગાનો વરસાદ

## વિરોધી ટીમનો માલિક એવો શાહરુખ ખાન આ ખેલાડીની રમત જોઈને મેદાનમાં જઈને દોડીને તેની ભેટી પડ્યો

મુંબઈ, તા.૪

એક ખેલાડી જેનો લગભગ દોઢ વર્ષ પહેલાં થયો હતો ભયાનક કાર અકસ્માત...હોસ્પિટલમાં અત્યંત ગંભીર હાલતમાં પહોંચ્યો હતો આ ખેલાડી. સૌ કોઈને સતાવતી હતી આ ખેલાડીની ચિંતા. બીસીસીઆઈ, ભારત સરકાર અન ખુદ પ્રધાનમંત્રી મોદીએ આ ખેલાડીની સારવાર પર વિશેષ ધ્યાન આપવા માટે આરોગ્ય અધિકારીઓને આપી હતી સુચના. ત્યાર બાદ ધીરે ધીરે આ ખેલાડી ઠીક થયો. અકસ્માત બાદ બે મિનિટ પોતાના પગ પર ઉભો રહી શકે તેવી પણ આ ખેલાડીની હાલત નહોંતી.

જોકે, તેમ છતાં તેણે ક્યારેય પોતાનું મનોબળ ગુમાવ્યું નહીં, માનસિક સંતોલન ગુમાવ્યું નહીં અને સખત મહેનત કરીને ફરી તે મેદાનમાં પાછો ફર્યો. આ દરમિયાન તે વર્લ્ડ કપ ચુકી ગયો. પણ તેમ છતાં જ્યારે તે ખેલાડી આઈપીએલમાંથી પરત આવ્યો તો ફરી પાછો માહોલ જમાવી દીધો. મેદાનમાં આવતાની સાથે આ ખેલાડીએ કર્યો ચોગ્ગા-છગ્ગાનો વરસાદ. વિરોધી ટીમનો માલિક એવો શાહરુખ ખાન પણ આ ખેલાડીની રમત જોઈને મેદાનમાં જઈને દોડીને તેની ભેટી પડ્યો. જીહાં અહીં વાત થઈ રહી છે ફ્યુચર ઓફ ઈન્ડિયન ક્રિકેટ...કહેવાતા ઋષભ પંતની. ધોનીને ગુરુ માનનારો આ ખેલાડી ખરા અર્થમાં તેનો અનુગામી બની શકે છે.

હાલ ઋષભ પંત આઈપીએલમાં દિલ્લીની ટીમનો કેપ્ટન છે. ગઈકાલે રમાયેલી મેચમાં દિલ્લીની ટીમ શાહરુખ ખાનની કોલકત્તા નાઈટ રાઈડર્સ સામે ખરાબ રીતે હારી ગઈ. જોકે, આ મેચમાં દિલ્લીના કેપ્ટન ઋષભ પંતે સૌ કોઈના દિલ જીતી લીધાં. ઋષભ પંતે સતત બેક ટુ બેક બીજી ઈનિંગમાં ફિફ્ટી ફટકારી. એ પણ ગઈકાલની મેચમાં તો તેણે એક જ ઓવરમાં છ બોલમાં બધા જ બોલે ચોગ્ગા-છગ્ગાનો વરસાદ કરી દીધો. અને એક જ ઓવરમાં ૨૮ રન ફટકાર્યા. તેણે માત્ર ૨૩ બોલમાં ફિફટી ફટકારી દીધી. ઋષભની આ ઈનિંગ જોઈને દર્શકો ઝુમી ઉઠ્યાં. કેમેન્ટેટરો પણ કહેવા લાગ્યા કે હવે ઋષભ પંત પાછો આવી ગયો છે અને તે આગામી ટી-૨૦ વર્લ્ડ કપમાં રમશે. જ્યારે પંત આઉટ થયા બાદ પેવેલિયનમાં જઈ રહ્યો હતો ત્યારે કોલકાતા નાઈટ રાઈડર્સના સહ-માલિક શાહરૂખ ખાને પણ ઉભા થઈને તાળીઓ પાડી હતી. ડિસેમ્બર ૨૦૨૨માં કાર અકસ્માત બાદ પંતે પુનરાગમન કર્યું હતું અને સતત બીજી મેચમાં અર્ધશતક ફટકારી હતી. શાહરૂખ પણ પંતની બેટિંગથી ખુશ થઈ ગયો. ભારતીય ક્રિકેટ ટીમના ચાહકોની જેમ શાહરૂખ પણ ઈચ્છશે કે પંત આ રીતે રન બનાવે અને ટીમ ઈન્ડિયામાં જલ્દી પરત ફરે. તે આગામી T20 વર્લ્ડ કપમાં મહત્વનું યોગદાન આપી શકે છે.

# રાજુલા : શ્રીમતી એચ.બી. સંઘવી મહિલા આર્ટસ તથા કોમર્સ કોલેજ ખાતે સેમિનાર યોજાયો







શ્રી રાજુલા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન શ્રીમતી એચ.બી.સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કાલેજ ખાતે તા.૪/૪/૨૦૨૪ ના રોજ નવી શિક્ષણનીતિ અનુસાર ગુજરાત કોમન એડમિશન સર્વિસ અંતર્ગત સેમીનારનું આયોજન કરેલ.સૌ પ્રથમ મહેમાનોના વરદહસ્તે દીપ પ્રાગટ્ય બાદ પુષ્પ ગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.આ સમારંભમાં કાલેજ સેક્રેટરી બાલકૃષ્ણભાઈ ત્રિવેદી કેમ્પસ મેનેજર રવિ ભાઈ વ્યાસ તથા કેમ્પસ ડાયરેક્ટર ડો.જીજ્ઞેશભાઈ વાજા તેમજ શહેરનાં વરિષ્ઠ પત્રકારો તેમજ પરફેક્ટ કોમ્પ્યુટરનાં ઓનર રિઝવાનભાઈ લઠા તથા સાથી મિત્ર મિસમભાઈ નુરાની તથા રાજુલાનાં તથા ગ્રામ્ય વાલી શ્રી વિદ્યાર્થિની બહેનો ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ સમારંભ માં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત અભિવાદન પ્રિન્સિપાલ ડો.રીટાબેન રાવળ દ્વારા ભાવુક શૈલી માં કરવામાં આવેલ.ત્યારબાદ ડો.સોનલબેન ઝાપડિયાં દ્વારા સ્લાઈડ શો દ્વારા એડમિશન પ્રક્રિયા વિશે માહીતગાર કરવામાં આવેલ.કેમ્પસ ડાયરેક્ટર ડો.જીજ્ઞેશભાઈ વાજા એ ઓનલાઈન પ્રક્રિયા અંગે કાલેજ ખાતે ફ્રી રજીસ્ટ્રેશન સાથે સમગ્ર એડમિશન પ્રક્રિયા ને દશ્યશ્રાવ્ય માધ્યમ પીપીટી રૂપે બતાવી હતી. આ સાથે રજીસ્ટ્રેશન થી એડમિશન અહીં કાલેજ ખાતે કરાવી આપવાની ખાત્રી આપી વિશેષ માહિતી આપેલ સમગ્ર કાર્યક્રમ ની આભાર વિધિ પ્રો.તથા એન.એસ.એસ પ્રો. જાગૃતિબેન તેરૈયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમ નું સંચાલન પ્રો. ધારાબેન ખીમસુરિયા એ કરેલ.સમગ્ર સ્ટાફ તથા એન.એસ.એસ. સ્વયમ સેવિકા બહેનો એ જહેમત ઉઠાવી કાર્યક્રમ સફળ બનાવવા સંનિષ્ઠ પ્રયાસ કરેલ.

પાના ૮ ઉપરનું ચાલું

## પ્રચારકાર્યમાં એક ડગલું આગળ

ચૂંટણી લડી શકયા છે અને તેમને રાજકીય ગુણો વારસામાં મળ્યા હોય જેનો ભરપૂર લાભ તેઓ મેળવી રહ્યા છે.

કોંગી ઉમેદવારે યુવાઓ, મહિલાઓ અને વડીલ મતદારોને પણ કોંગ્રેસ તરફી મતદાન કરવા સમજાવવામાં વધારેને વધારે સફળ બની રહ્યા છે અને ભાજપ સરકારમાં વધેલ મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોની સમસ્યા, શિક્ષણ, આરોગ્યની કથળેલી સેવા સહિતનાં પ્રશ્નો સારી રીતે રજૂ કરતાં જોવા મળી રહ્યા છે.

પાના ૧ ઉપરનું ચાલું

## ઘરફોડ ચોરીનાં ૨ ગુન્હામાં

પકડ વોરંટ ઈશ્યુ કરેલ હતું.

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ની આદર્શ આચાર સંહીતા અમલમાં હોય અને ચુંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને સમગ્ર ચુંટણી મુકત અને ન્યાયીક વાતાવરણમાં યોજાય અને કોઈ અનિચ્છનીય બનાવ બનતા અટકે તે હેતુસર પોલીસ અધિક્ષક, અમરેલીનાઓ ધ્વારા ગુન્હાના કામે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ હોય. પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમની ચોકકસ બાતમી આધારે (૧) વડિયા પોલીસ સ્ટેશન મુજબના કામે આઠ વર્ષથી ઘરફોડ ચોરીના ગુન્હામાં નાસતા ફરતા આરોપી કુંકાવાવ ખાતેથી મળી આવતા આરોપીની તપાસ પુછપરછ કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા વડિયા પોલીસ સ્ટેશનમાં સોંપવા આપેલ હતો.


## જાહેર નોટિસ

**મોજે રામપુર ગામ, તાલુકો–કુંકાવાવ / વડીયા, જીલ્લો અમરેલી રેવન્યુ સર્વે નંબર ૧૭૪/૨ પૈકી ૧, ના હે.આરે.ચો.મી. ૨–૮૩–૨૯ વાળી જમીનના ખાતા નંબર – ૫૪**

અમો યોગેશભાઈ ડી. દવે (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે.

મોજે – રામપુર ગામ, તાલુકો – કુંકાવાવ / વડીયા, જીલ્લો – અમરેલીના ખાતા નંબર – ૫૪, ના રેવન્યુ સર્વે નંબર – ૧૭૪/૨ પૈકી ૧ ના હે. આર.ચો.મી.૨–૮૩–૨૯ વાળી પિયત ખેતીની જમીન **(૧) ગોબરભાઈ માયાભાઈ હરખાણી**ના સ્વંતત્ર નામે આવેલ છે આ ખેતીની જમીન તેમની સંપુર્ણ માલીકીની, બિન બોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેંચાણ રાખવાનું નકકી કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદાર, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉજપ–નીપજ,/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો, બાનાખત કે રહેણાંકનાં કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારનાં હકક પોસાતા હોય તો જે તે સંબંધકર્તાએ વાંધો– તકરારની જાણ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ (દસ) માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેનાં સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ કરાવી લેશે ત્યારબાદ કોઈની કોઈ, પણ પ્રકારની દાદ, ફરિયાદ કે વિવાદ ચાલશે નહી.

તારીખ–૦૪/૦૪/૨૦૨૪

**યોગેશ ડી. દવે**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**બી.કોમ. એલ.એલ.બી.**
**એલ.એલ.એમ., પી.જી.ડી.સી.એ.**
**મો.૯૪૨૬૩ ૯૮૯૬૦**

રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ,
શારદા શોપીંગ સેન્ટર, મુ. કુંકાવાવ મોટી,
તા.વડીયા, જી.અમરેલી
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

તે અમારા અસીલની સુચનાથી


પાના ૮ ઉપરનું ચાલું

## શિક્ષણની દયનીય સ્થિતિ

રીતે મુલ્યાંકનના નિયમોને નેવે મૂકીને ઈન્ટરનલ માકર્સ આપ્યા હોવાનું સામે આવ્યું છે. ધોરણ ૧૦માં જે ૨૦ ઈન્ટર્નલ માર્કસ હોય છે તેમાં ગયા વર્ષે શાળાઓએ હોંશિયાર વિદ્યાર્થીઓને ટયુશન ન રાખતા હોવાથી ઓછા માકર્સ આપ્યા હતા અને પોતાના માનીતા વિદ્યાર્થીઓને વધુ માર્કસ આપ્યા હતા તે બાબતે કોંગ્રેસે સાબિતી સાથે ફરિયાદ કરતા શાળાઓની તપાસ કરવામાં આવી હતી અને તેમાં શાળાઓ દોષિત થઈ હતી. પરંતુ, તે પછી કોઈપણ કડક દાખલરૂપ કાર્યવાહી તેમના પર કરવામાં આવી નથી. આ વર્ષે પણ આજ પ્રમાણે ઈન્ટર્નલ માર્કમાં કૌભાંડ થવાની વકી દેખાઈ રહી છે.

છેલ્લા કેટલાંય સમયથી શિક્ષિત બેરોજગાર યુવાનો કે જેઓએ વર્ષોથી મહેનત કરી છે અને સરકારી શિક્ષક બનવાના સપના સેવી રહ્યાં છે. કપરી પરીક્ષા પાસ કરીને ભરતીની રાહ જોઈ રહ્યાં છે. આ યુવાઓએ વારંવાર રજૂઆત કરી છે. અહીં,વાત છે જ્ઞાનસહાયકોની. એક તરફ સરકાર પાસે ચૂંટણી માટે કામ કરવા માટે પૂરતા શિક્ષકો નથી માટે જ્ઞાન સહાયકોનો તેમાં ઉપયોગ થઈ રહ્યો છે. સરકાર માત્ર તેમનો ઉપયોગ કરી રહી છે. હકીકતમાં જ્ઞાન સહાયકને વેકેશનમાં છુટા કરવામાં આવનાર હતા અને ૫ મે સુધી જ કરાર આધારિત કાર્ય કરવાના હતા પરંતુ તેમના કરાર બાદ પણ તેમને ચૂંટણીના કાર્યમાં જોતરવામાં આવેલ છે. જો સરકાર પાસે શિક્ષકો હોય જ નહીં અને તેમની પાસે આ પ્રકારના કામો વેકેશનમાં પણ લેવાઈ રહ્યા હોય તો આ જ્ઞાન સહાયકોને કાયમી કરવામાં આવે.

ગુજરાત સરકાર દર વર્ષે શાળા પ્રવેશોત્સવના નામે તાયફા યોજી સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. શિક્ષણના બજેટ ફાળવણીમાં કરોડો રૂપિયાના મોટા મોટા દાવાઓ કરતી ભાજપ સરકાર ગરીબ–સામાન્ય–મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણના અધિકારથી વંચિત રાખી રહી છે. એક તરફ શિક્ષણમાં ક્રાંતિકારી પહેલના નામે મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકારનો શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર છે. રાજયની ૩૮૦૦૦ સરકારી શાળાઓમાંથી ૫૬૧૨ સરકારી શાળાને ઓછી સંખ્યાના નામે મર્જ / બંધ કરવાનું પાપ કરવા આગળ વધતી ભાજપ સરકારમાં ૩૨ હજાર શિક્ષકોની લાંબા સમયથી જગ્યાઓ ખાલી છે. ૩૮ હજાર વર્ગખંડોની મોટા પાયે ઘટ છે. ૧૬૫૭ શાળા માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ૧૪,૬૫૨ શાળા એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને ભણવા માટે મજબુર થવું પડે છે, શું આ રીતે ભણશે ગુજરાત?

ગુજરાતનું શિક્ષણ બોર્ડ પબ્લિસિટી માટે વારંવાર નવા નવા તઘલખી નિર્ણયો કરતું હોય છે ભૂતકાળમાં શિક્ષકો જોડે તીડ ભગાડવાનો પરિપત્ર, લગ્ન પ્રસંગે જમણવારમાં કેટલી ડીશો થઈ છે તેનો પરિપત્ર, શિક્ષકોએ પોતાનો મોબાઈલ આચાર્યને જમા કરાવવાનો પરિપત્ર, બાળકોના વજનથી માત્ર ૧૦% વજનનું દફતર હોવું જોઈએ તેવા પરિપત્ર ઘણીવાર વગર વિચારે કરવામાં આવે છે. પરંતુ આ બધું માત્ર પબ્લિસિટી માટે કરવામાં આવી રહ્યું છે કોઈ પણ પ્રકારનું ઈમ્પ્લીમેન્ટેશન થતું નથી, હકીકત તો એ છે કે ગુજરાતના વિદ્યાર્થીઓના ડ્રોપાઉટ રેશિયોનો જો સાચો આંકડો બતાવવામાં આવે તો સમગ્ર ભારતમાં સૌપ્રથમ નંબરે આવે.

કોંગ્રેસ પક્ષની માંગ છે કે ધોરણ ૧૦ અને ૧૨ ના પેપરો તજજ્ઞો મારફત તપાસવામાં આવે અને ટયુશન પદ્ધતિને પ્રેરતી ઈન્ટરનલ ગુણ પ્રથા બંધ કરવામાં આવે તથા જો જ્ઞાનસહાયકોનો ઉપયોગ ચૂંટણી માટે વેકેશનમાં અથવા કરાર બાદ પણ કરવામાં આવે તો જ્ઞાનસહાયકોને કાયમી કરીને ન્યાય આપવામાં આવે.

પાના ૮ ઉપરનું ચાલું

## સાવરકુંડલા પાલિકાનાં પાઈપ

પાઈપ વોર્ડ નંબર ૮ ના નગરસેવક દુલાભાઈ જયાણીએ રાતોરાત કોઈને જાણ વગર ઉપાડતા હોબાળો મચી ગયો. આ બાબતે સ્થળ તપાસ કરતા વોર્ડ નંબર ૮ ની હદમાં આવતા જેસર રોડ બાયપાસ ચોકડી કોર્નર ઉપર, ખાનગી માલિકીની જમીનમાં, બંધાઈ રહેલા ખાનગી શોપિંગ સેન્ટરના કારણે તેની પાછળ આવેલા વિસેક જેટલા ખેતરોના વરસાદી પાણીના નિકાલનો બહુ પેચીદો પ્રશ્ન આગામી ચોમાસા દરમિયાન ઉપસ્થિત થાય તેમ હોવાથી વોર્ડ નંબર ૮ ના નગરસેવક ડી. કે. પટેલે દુરંદેશીથી આ બાબતે નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને આગોતરી ટેલીફોનિક જાણ કરીને નાવલી નદી તથા માધવાણીની વાડી વિસ્તારમાં વર્ષોથી બિન ઉપયોગી વણ વપરાયેલ હાલતમાં કાદવ કીચડમાં પડેલી પાઈપોને સાફ–સફાઈ કરી, પોતાના ખર્ચે ઉપાડી જયાં જાહેર માર્ગની એલાઈમેન્ટની જગ્યા હોય ત્યાં વરસાદી પાણીના નિકાલ માટે વાપરવામાં આવેલ છે.

વધુમાં ડી.કે.પટેલના જણાવ્યા અનુસાર આ કામ સુધરાઈએ જ કરવાનું હોય અને ટેન્ડર પ્રક્રિયા દ્વારા આ કામ ઓછામાં ઓછું પાંચ લાખના બજેટમાં થાય જે મેં બિન ઉપયોગી ભંગાર હાલતમાં પડેલા પાઈપો સાફસુફ કરી મારા ખર્ચે કરાવી નાખ્યું છે અને પબ્લિકના પૈસાનો એટલો બચાવ કરેલો છે. નગરપાલિકા પ્રમુખને આ બાબતે જાણકારી હોવા છતાં ચીફ ઓફિસરને અંધારામાં રાખ્યા. અરે ચીફ ઓફિસર દ્વારા લેખિત નોટિસ અપાઈ છતાં નગરપાલિકા પ્રમુખે ભેદી મેન ધારણ કર્યુ. વિશ્વાસપાત્ર વર્તુળોમાંથી જાણવા મળ્યા પ્રમાણે નોટીસ અપાઈ ગયા પછી ખુદ નગરપાલિકા પ્રમુખ અને ઉપ પ્રમુખ મોડી રાત્રે ડી.કે.પટેલના ઘેર પહોંચી આ પ્રકરણમાં ઢાંક પીછોડો કરવાનો રસ્તો શોધી નિવેડો લાવવા સલાહ લેવા દોડી ગયા હતા.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# ઉના : ગીરગઢડાનાં સીમાસી ગામેથી વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરની અટકાયત

### દારૂનું વેચાણ કરનાર ઈસમોમાં ફફડાટ




તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૪

ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમ ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા જિલ્લામાં દારૂ જુગાર જેવી ગેરકાયદેસર ચાલતી પ્રવૃત્તિઓ બંધ કરવા સૂચના આપેલ હોય જે અન્વયે જિલ્લા એલસીબી ઈન્ચાર્જ પી.આઈ એ.બી જાડેજા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ.બી વોરા ની સૂચના મુજબ એલસીબી ટીમના રાજુ ગઢીયા, પ્રવીણ મોરી સહિતનાઓ ઉના ગીર ગઢડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય ત્યારે દીવ થી કોડીનાર તરફ કારમાં દારૂનો જથ્થો સપ્લાય થવાનો હોવાની બાતમી મળતા રાજુ ગઢીયા પ્રવિણ મોરીએ ગીર ગઢડા પોલીસ મથકમાં આવતા સીમાસી ગામે વાહન ચેકિંગની કામગીરી હાથ ધરેલ હોય ત્યારે કેસરિયા ગામ તરફથી આવી રહેલ ડીડી૦૨જી૫૬૫૬ નંબરની કારને રોકાવી તપાસ કરતા કારમાં ભરેલ વિદેશી દારૂની નાના મોટી બોટલ નંગ ૧૩૮ જેની કિંમત ૧૪,૪૦૦ મોબાઈલ નંગ ૧ જેની કિંમત્ ૩,૦૦૦ તેમજ કારની કિંમત ૪ લાખ મળી કુલ ૪,૧૭,૪૦૦ ના મુદ્દા માલ સાથે બુટલેગર દિનેશ તેજા વાઢેળ રહે કોડીનાર ને ઝડપી પાડ્યો હતો. જયારે આ દારૂનો જથ્થો પૂરો પાડનાર બુટલેગરને ઝડપી પાડવા ગીર સોમનાથ જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ ટીમે કાર્યવાહી હાથ ધરતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૬૫ | ૧૨૨૪ |
| ૨ | શિંગ મોટી | ૧૦૭૫ | ૧૨૫૯ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૪૭૫ | ૧૫૭૫ |
| ૪ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૫૫ |
| ૫ | તલ કાળા | ૧૭૦૦ | ૩૧૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૪૭૫ | ૩૯૦૦ |
| ૭ | બાજરો | ૪૦૦ | ૪૭૨ |
| ૮ | જુવાર | ૭૦૫ | ૯૧૦ |
| ૯ | ઘઉં બંસી | ૧૦૫૨ | ૧૦૫૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૧૬ | ૭૧૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૮૨ |
| ૧૨ | ચણા | ૯૫૦ | ૧૧૫૦ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૪૭ | ૧૨૮૪ |
| ૧૪ | તુવેર | ૧૦૪૦ | ૧૯૮૫ |
| ૧૫ | કપાસ | ૧૦૩૮ | ૧૫૭૨ |
| ૧૬ | એરંડા | ૧૦૫૦ | ૧૧૧૪ |
| ૧૭ | જીરૂ | ૩૬૮૦ | ૫૩૦૦ |
| ૧૮ | રાયડો | ૮૦૦ | ૯૨૩ |
| ૧૯ | રાય | ૧૧૫૦ | ૧૨૦૦ |
| ૨૦ | ધાણા | ૧૨૩૦ | ૨૦૧૦ |
| ૨૧ | ધાણી | ૧૩૫૦ | ૨૩૬૦ |
| ૨૨ | મેથી | ૧૦૧૫ | ૧૧૨૨ |
| ૨૩ | સોયાબીન | ૭૯૫ | ૯૫૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૪ | ૧૫૧૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૫૦૦ | ૬૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૧ | ૧૨૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૨૪૫ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૬૧૦ |
| ૪ | તલ કાળા | – | ૨૫૩૦ |
| ૫ | જીરૂ | ૩૧૦૦ | ૪૬૦૦ |
| ૬ | કપાસ | ૧૩૫૮ | ૧૫૨૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૫૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૧ |
| ૯ | બાજરો | ૪૨૫ | ૫૨૯ |
| ૧૦ | જુવાર | ૬૦૦ | ૯૨૪ |
| ૧૧ | ચણા | ૧૦૪૦ | ૧૧૪૫ |
| ૧૨ | ચણા દેશી | ૧૦૭૦ | ૧૩૩૫ |
| ૧૩ | તુવેર | ૧૪૭૦ | ૧૯૦૧ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૧૩૭ |
| ૧૫ | મેથી | ૬૫૦ | ૯૪૫ |
| ૧૬ | રાય/રાયડો | ૮૫૦ | ૧૨૨૪ |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૮૦૧ |
| ૧૮ | સોયાબીન | ૮૨૫ | ૮૭૪ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૦ | ૧૬૧૫ |
| ૨ | તુવેર | ૧૪૩૦ | ૧૭૮૦ |
| ૩ | ઘઉં | ૪૫૫ | ૫૬૫ |
| ૪ | ચણા | ૧૦૬૨ | ૧૧૦૮ |
| ૫ | જીરૂ | ૪૦૩૦ | ૫૧૦૦ |
| ૬ | ધાણા | ૧૧૭૦ | ૧૮૦૦ |
| ૭ | મેથી | ૯૩૦ | ૧૧૦૦ |
| ૮ | રાઈ | ૯૪૦ | ૧૨૨૦ |
| ૯ | એરંડા | ૯૭૬ | ૧૦૮૪ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૫ |
| ૨ | ચણા | ૯૯૫ | ૧૦૬૮ |
| ૩ | જુવાર | ૬૦૮ | ૬૮૦ |
| ૪ | ચણા સફેદ | ૧૦૯૨ | ૧૦૯૨ |
| ૫ | ધાણા | ૧૧૩૫ | ૧૫૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૩૪૫ | ૪૮૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૦૦ | ૫૦૦ |
| ૮ | સોયાબીન | ૮૦૫ | ૮૩૬ |
| ૯ | રાય | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૦ | મેથી | ૭૭૦ | ૯૯૫ |
| ૧૧ | તુવેર | ૧૬૦૦ | ૧૬૭૫ |
| ૧૨ | ધાણી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | ચણા છોલે | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૫૨૫ | ૧૫૨૫ |
| ૧૫ | રજકાબી | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૧૬ | મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| ૧૭ | શીંગદાણા | ૧૩૮૦ | ૧૩૮૦ |
| ૧૮ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૯ | લસણ | ૨૦૨૫ | ૨૦૨૫ |
| ૨૦ | રાયડો | ૮૬૧ | ૮૬૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૦ | ૧૪૭૫ |
| ૨ | ઘઉં | ૪૦૫ | ૫૩૦ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૭ |
| ૪ | સફેદ ચણા | ૧૦૮૦ | ૧૧૬૦ |
| ૫ | છોલે ચણા | ૧૩૫૬ | ૧૭૦૦ |
| ૬ | ધાણા | ૧૧૫૬ | ૧૪૫૫ |
| ૭ | જુવાર | ૫૩૧ | ૭૦૦ |
| ૮ | એરંડા | ૧૦૫૦ | ૧૧૨૬ |
| ૯ | શીંગદાણા | ૧૨૫૫ | ૧૪૦૦ |
| ૧૦ | અડદ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | મેથી | ૧૦૧૧ | ૧૦૬૧ |
| ૧૨ | સોયાબીન | ૮૪૫ | ૮૬૬ |
| ૧૩ | રાઈ | ૮૮૧ | ૯૦૦ |
| ૧૪ | જીરૂ | ૪૧૭૫ | ૪૧૭૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૨ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૫૨૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૮૧ | ૬૧૨ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૯૧૫ |
| ૭ | મકાઈ | ૫૦૦ | ૫૨૧ |
| ૮ | મેથી | ૧૧૧૬ | ૧૧૧૬ |
| ૯ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | તુવેર | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૦૫ |
| ૧૨ | જીરૂ | ૪૭૫૦ | ૪૭૫૦ |
| ૧૩ | એરંડી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | રાય | ૮૬૧ | ૧૦૦૦ |
| ૧૫ | રાજગરો | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ૧૬ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |

## સોનાનાં ૧૦ ગ્રામનો ભાવ ૭૨ હજાર, ચાંદી ૮૧ હજારને પાર

# સોના-ચાંદીનાં ભાવમાં આગ ઝરતી તેજીનો માહોલ

દેશનાં કરોડો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને સોનુ ખરીદવું મુશ્કેલ બન્યું

કોઈની લાડકવાયી દીકરીને સાસરે વળાવતી વખતે શુકન માટે લેવાતા દાગીના ખરીદવા મુશ્કેલ

દેશનાં ૩૫ કરોડ પરિવારમાંથી માત્ર ૧૦ કરોડ પરિવારો જ સોનું ખરીદી શકે તેવી સ્થિતિમાં

એ દિવસો દૂર નથી કે સરકારે ગરીબ પરિવારોને રાહતદરે મર્યાદામાં સોનું આપવું પડે



અમરેલી, તા. ૪

એક તરફ દેશમાં પેટ્રોલ, ડીઝલ, રાંધણગેસ, વીજળી, શાકભાજી, અનાજ, કઠોળ જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓનાં ભાવો ભડકે બળી રહ્યા છે. તેવા સમયે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારને લગ્ન, સગાઈ જેવા સામાજિક પ્રસંગોએ ૫ ગ્રામ સોનું શુકન માટે ખરીદવું મુશ્કેલ બની રહ્યું હોય ભવિષ્યમાં સરકારે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને રાહતદરે ૫ ગ્રામ સોનું આપવાની યોજના જાહેર કરવી પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. સોના-ચાંદીમાં આગઝરતી અને રેકોર્ડબ્રેક તેજીનો દોર સતત આગળ ધપતો રહ્યો હોય તેમ આજે ભાવો ફરી નવી ઉંચાઈએ પહોંચ્યા હતા. સોનુ ૭૨,૦૦૦ તથા ચાંદી ૮૧,૦૦૦ને પાર થઈ હતી.

વિશ્વસ્તરે કેટલાક દિવસોથી સોના-ચાંદીના ભાવો સતત સળગી રહ્યા છે. જુદા જુદા દેશો વચ્ચે યુધ્ધ અને ભૌગોલિક ટેન્શન ઉપરાંત અમેરિકી ફેડરલ રીઝર્વની વ્યાજદર નીતિ કારણરૂપ ગણવામાં આવી રહી છે. આ સિવાય ભારત-ચીન સહિત દુનિયાભરના દેશોની સેન્ટ્રલ બેંકો સોનાની ધુમ ખરીદી કરી રહી હોવાથી તેજીને ટેકો મળતો રહ્યો છે. જાણકારોના કહેવા પ્રમાણે લાંબા વખતથી સોના-ચાંદીના ભાવ તેજીના નવા ઝોનમાં આવી જ ગયા છે અને આવતા દિવસોમાં હજુ વધુ ઉંચકાય તેવી શકયતા રહી છે. માત્ર ભારત જ નહીં વિશ્વસ્તરે સમાન સ્થિતિ છે. અમેરિકા ચાલું વર્ષે ત્રણ વખત વ્યાજદર ઘટાડશે એવા સંકેતોની મોટી અસર રહી છે. આર્થિક નીતિ હળવી થવાના સંજોગોમાં સોના પ્રત્યે આકર્ષણ વધવાનું માનવામાં આવી રહ્યું છે.

વિશ્વસ્તરે સોનાના ભાવ આજે પ્રથમ વખત ૨૩૦૦ ડોલરની સપાટીને વટાવી ગયા હતા. રાજકોટમાં સોનાનો ભાવ ૭૨,૦૦૦ને પાર થયો હતો અને ઐતિહાસિક નવી ઉંચી સપાટી જોવા મળી હતી. રાજકોટમાં આજે સવારે હાજર સોનું ૧૦ ગ્રામે ૭૨,૩૦૦ સાંપડયું હતું. ગઈકાલની સરખામણીએ ૮૦૦ રૂપિયાનો ઉછાળો નોંધાયો હતો. કોમોડીટી એકસચેંજમાં પણ પ્રથમ વખત ભાવ ૭૦,૦૦૦ને પાર થયો હતો. આ જ રીતે હાજર ચાંદી ૮૧,૦૦૦ને પાર થઈ હતી અને ભાવ ૮૧,૪૦૦ સાંપડયો હતો. કોમોડીટી એકસચેંજમાં ચાંદી ૭૯,૫૦૦ થઈ હતી.

# ડિઝીટલ શિક્ષણથી દુરી ક્યારે ?

અમરેલી, તા. ૪

કોરોના મહામારી પછી દુરવર્તિ શિક્ષણની નવી દિશા તરફ આપણે જવું પડયું. સ્માર્ટ કલાસ અને ડિઝિટલ શિક્ષણ દિવસે ચલણમાં આવતું ગયું અને સ્માર્ટ શિક્ષણના સમયમાં ખરેખર આપણે સૌ સ્માર્ટ બની રહ્યા છીએ ?

દુનિયાનું સૌથી મોટું અને મહાકાય મહાજ્ઞાન એટલે શ્રીમદ ભગવદગીતા ભગવાન કૃષ્ણએ અર્જુનને કુરૂક્ષેત્ર રૂપી વર્ગખંડમાં ફેસ ટુ ફેસ પ્રત્યક્ષ શિક્ષણ આપેલું આ દુનિયાનું સૌપ્રથમ અને સૌથી શ્રેષ્ઠ શિક્ષણ જે આજે પણ જનમાનસને અસરકર્તા રહયું છે. પૂર્વે ગુરૂકુળ પરંપરા વખતે પ્રત્યષ શિક્ષણ જ અધ્યાપન કાર્યનું શ્રેષ્ઠ માધ્યમ હતું. અને શિક્ષક ગુરૂ પદે રહેતા ધીમે ધીમે આ માધ્યમને લુણો લાગ્યો અને શિક્ષકોએ ગુરૂ પદ ગુમાવ્યું અને એમાં પણ ખાસ કરીને કોરોના મહામારી પછી આપણે ઓનલાઈન શિક્ષણના રવાડે ચડી વિદ્યાર્થીઓ અને બાળ માનસ અને આવનારી પેઢીને પણ ખતમ કરવાની મથામણમાં લાગી પડયા હોય એવુ લાગી રહયું છે.

બાળકને મોબાઈલથી દૂર કરવો મોબાઈલની વાત છોડાવવી એ દારૂ કે પાન-માવાના વ્યસન છોડાવવાથી પણ અઘરું બની ગયું છે. ત્યારે દિવસે દિવસે ડિજિટલ શિક્ષણનો વ્યાપ આવનારી પેઢી માટે ખતરો બની જાય એવી ચિંતા કરવી આસ્થાને નથી.

૨૪ કલાકમાં બાળકોની ઊંઘ આજે ૭ થી ૮ કલાક જેટલી માંડ રહી છે. ઘરમાં સ્માર્ટ ટીવી અને મોબાઈલ બાળક અલ્ટરનેટીવ ઉપયોગ કરે છે. ઉપરાંત વર્ગખંડમાં પણ સ્ક્રીન સામે બાળકો બેસે છે. શાળાઓ ''ડિઝિટલ શિક્ષણ'' ''સ્માર્ટ કલાસ'' જેવા રૂપકડા નામોથી બાળકોના વાલીઓને આકર્ષી રહય । છે. અને શાળાનો સ્માર્ટ કલાસ કે ડિજિટલ કલાસને શાળાની ઉપલબ્ધી માને છે. હકીકતમાં આ બાળમાનસને વિકલાંગ કરવાના સંકેતો છે અને વાતને આપણે આવનારા સમયમાં સ્વીકારવી પડશે.

હમણાં અમણાં મે એક સમાચાર, વાંચ્યા, પોરબંદરમાં એક બાળકે મોબાઈલ લઈ દેવા બાબતે જીદ કરી અને ઘરમાં તોડ ફોડ મચાવી દીધી આ શું સુચવે છે ? આ તો હજી શરૂઆત છે અને આ શરૂઆતના સ્ટેજમાં આવા અસંખ્ય બનાવો આપણી આસપાસ બન્યા છે. વધુ પડતા સ્ક્રીન સામે રહેતા બાળકોમાં ચિડીયાપણું, ગુસ્સાનો શિકાર, તણાવની અસરો જોવા મળે છે. એવું અનેક બાળ માનસ એક્ષપર્ટો માને છે. એક એક્ષપર્ટ ડો. ના જણાવ્યા અનુસાર જયારે બાળક મોબાઈલનો ઉપયોગ કરે ત્યારે મગજમાં ડોયામાઈન અને એન્ડોફિન નામના ન્યુરોટ્રાન્સમીટર વધુ સ્ત્રાવ થાય છે. જેથી મગજને તેની આદત પડી જાય છે અને તેથી બાળકને જો મોબાઈલ ફોન ન મળે તો બાળકનો સ્વભાવ ચીડીયા બની જો છે અને લાંબા ગાળે આવા બાળકો માનસિક બિમાર બનતા જાય છે. વર્ગખંડમાં સ્માર્ટકલાસમાં ભણાવતી વખતે શિક્ષકની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. પણ ''સ્માર્ટ કલાસ'' ની ધુનના કારણે ત્યાં ગૌણ બની જાય છે. અને પોતે ધીમે ધીમે પોતાનું અસ્તિત્વ ખોઈ બેસે છે. અને ગુરૂનું ગુરૂત્વ 'ગુમ' થઈ જાય છે. ગુરૂત્વના ગયા પછી વિદ્યાર્થી માટે 'સ્વયં શિસ્ત' એ શબ્દ જ શરમાળ લાગવા મંડી જાય છે અને વિદ્યાર્થી પણ 'સ્માટ' બનવા તરફ પ્રેરાય એમાં કોઈ મત નથી.વિદ્યાર્થી શાળાએથી ઘરે આવે પછી પણ શાળા વ્યવસ્થાપને મોબાઈલથી વિદ્યાર્થી દુર જાય નહી અને ક્ષણે ક્ષણે મોબાઈલની જરૂર પડે એવી વ્યવસ્થાઓ રાખી હોય છે. વિદ્યાર્થીનું હોમવર્ક, રીડીંગ, સુચનાઓ, નમુનાપ્રતો, આઈડિયા વગેરે વોટસએપ કે એપ્લીકેશનના માધ્યમથી આવતા રહે છે. વધુમાં શાળાની જાહેરાત, શાળાની પ્રવૃતિઓ અને અન્ય પ્રોત્સાહિક વિડીયો પણ મોબાઈલ વિના જોઈ શકાય નહી. અને વળી બીજા દિવસે શાળામાં તાસની શરૂઆતમાં શિક્ષકનો પહેલો પ્રશ્ન હોય કે ''તમે કાલે મે મોકલેલ વિડિયો જોયો ?'' બસ આ પ્રશ્નના જવાબ આપવા માટે બાળક મોબાઈલથી એક પણ ક્ષણ દુર જતો નથી. એક શાળાના સંચાલક તરીકે જાહેરમાં ન બોલી શકાય એવી વાત જાહેરમાં લખવી પડે છે. અમુક શાળાઓ તો બાળકને જાહેરાતનું માધ્યમ બનાવીને ડિજીટલ પ્લેટફોર્મના બંધાણી બનાવી રહી છે. યુગ પ્રમાણે ડિજીટલ શિક્ષણ જરૂરી છે. પરંતુ બાળ માનસને પાંગળુ બનાવી વિદ્યાર્થી નામની પ્રજાતીને લુપ્ત કરી દેવાના પ્રયાસો આવનારી પેઢી માટે નુકશાન કારક સાબિત થઈ શકે છે.ડિજીટલ શિક્ષણનો પ્રમાણસર વપરાશ નહી થાય તો દુર ઉપયોગની દુરગામી અસરોનું પરિણામ સમયે ભોગવુ પડી શકે છે.



હસમુખ પટેલ
પ્રમુખ, સ્વનિર્ભર શાળા,
સંચાલક અમરેલી જિલ્લો

## જાણ કર્યા વિના જ કોન્ટ્રાક્ટ બદલી દેવાતા મામલો મેદાને

# અમદાવાદની SVP હોસ્પિટલના સફાઈ કર્મીઓ હડતાળ પર ઉતર્યા

### અચાનક કંપનીનો કોન્ટ્રાકટ બદલાતા જૂની કંપનીમાં કામ કરતા કર્મચારીઓને નવી કંપનીમાં મોકલાયા

અમદાવાદ, તા.૪

અમદાવાદની **SVP** ૧હોસ્પિટલથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, આજે **SVP** હોસ્પિટલના સફાઈકર્મીઓએ હડતાળ પર ઉતરી ગયા છે. વિગતો મુજબ જૂની કંપનીના કર્મચારીઓને જાણ કર્યા વગર જ નવી કંપનીમાં બદલી કરવામાં આવતા કર્મચારીઓ હડતાળ પર ઉતર્યા હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યા છે. આ સાથે કોરોનાકાળમાં પણ કર્મચારીઓએ ફરજ બજાવી અને ભોગ આપ્યો હોવાનું કહી કર્મચારીઓએ કોન્ટ્રાક્ટ પ્રથા રદ કરવા પણ માંગ કરી છે.મેટ્રો સિટી અમદાવાદમાં આવેલ **SVP** હોસ્પિટલના સફાઈકર્મીઓએ આજે અચાનક હડતાળ પર ઉતરી ગયા છે. વિગતો મુજબ વિશ્વા એન્ટરપ્રાઈઝ નામની કંપનીને કોન્ટ્રાક્ટ અપાયો હોવાથી અમને જાણ કર્યા વગર કે નોટિસ પાઠવ્યા વગર જ કંપની બદલી દેતા સફાઈ કર્મીઓમાં રોષ વ્યાપ્યો હતો. જેને લઈ આજે આ સફાઈકર્મીઓ કામગીરીથી અળગા રહ્યા હતા. આ સાથે કર્મચારીઓએ કોન્ટ્રાક્ટ પ્રથા રદ કરવા પણ માંગ કરી હતી. વિશ્વા એન્ટરપ્રાઈઝ નામની કંપનીને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હોવાની જાણ ના કરી હોવાથી કર્મીઓએ હડતાલ પાડી કામથી અળગા રહ્યા છે

## રાની પશુઓની સમસ્યા દિનપ્રતિદિન વિકરાળ બની રહી છે

# સાવરકુંડલાનાં લુવારા ગામે રેવેન્યુ વિસ્તારમાં ૭ વર્ષનાં બાળકને સિંહણે ફાડી ખાધો

### શ્રમિક પરિવારનો બાળક રડતો હોય સિંહણ આવી પહોંચી

અમરેલી, તા. ૪

સાવરકુંડલાના લુવારા ગામે રેવેન્યુ વિસ્તારમાં સિંહણે એક ૭ વર્ષના બાળકને ફાડી ખાધાની ઘટનાથી સમગ્ર પંથકમાં ફફડાટ ફેલાયો છે. વિગત એવા પ્રકારની છે કે, લુવારા ગામનાં એક ખેડુતની વાડીમાં ભાગીયું રાખનાર દાહોદ પંથકનાં શ્રમિક પરિવારનો ૭વર્ષનો બાળક રમતો હોય બે બચ્ચાવાળી સિંહણે તેનાં પર હુમલો કરી ફાડી ખાધાની ઘટના બનતા વન અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

## વિશ્વ બેંકના અહેવાલમાં જણાવવામાં આવ્યું

# પાકિસ્તાનમાં વધુ એક કરોડ લોકો ગરીબીમાં ધકેલાવાનું જોખમ : વર્લ્ડ બેન્ક

### હાલમાં ૯.૮ કરોડ લોકો ગરીબી સામે ઝઝૂમી રહ્યાં છે, ગરીબીનો દર ૪૦% : કંગાળ પાક.માં ૧.૮ ટકાનાં દરે વૃધ્ધિ

ઈસ્લામાબાદ, તા.૪

ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહેલા પાકિસ્તાનની કંગાળ સ્થિતિનો ચિતાર રજૂ કરતા વિશ્વ બેંકે તેના દ્વિવાર્ષિક અહેવાલમાં ચેતવણી આપી છે કે દેશના વધુ આશરે એક કરોડ લોકો ગરીબીમાં ધકેલાવાનું જોખમ છે. ચાલુ નાણાકીય વર્ષમાં ૧.૮ ટકાના મામૂલી આર્થિક વૃદ્ધિદર અને ૨૬ ટકા જેટલા ઊંચા ફુગાવા વચ્ચે વોશિંગ્ટન સ્થિત વૈશ્વિક નાણાસંસ્થાએ આ આશંકા વ્યક્ત કરી છે. વર્લ્ડ બેંકના દ્વિવાર્ષિક પાકિસ્તાન ડેવલપમેન્ટ આઉટલુક રિપોર્ટમાં સંકેત અપાયો છે કે પાકિસ્તાન લગભગ તમામ મોટા આર્થિક લક્ષ્યોને ચૂકી જવાની અણી પર છે. દેશ તેના પ્રાથમિક બજેટના લક્ષ્યાંક ચુકી જવાની અને સતત ત્રીજા વર્ષે ખાધમાં રહેવાની ધારણા છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)એ સહાય પેકેજ વખતે તેનું બજેટ સરપ્લસ રાખવાની શરત કરેલી છે. રીપોર્ટના મુખ્ય લેખક સૈયદ મુર્તઝા મુઝફ્ફરીએ જણાવ્યું હતું કે પ્રારંભિક આર્થિક રિકવરી આવી રહી હોવા છતાં ગરીબી નાબૂદીના પ્રયાસો અપૂરતા છે. વિશ્વ બેંકના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, લગભગ ૯.૮ કરોડ પાકિસ્તાનીઓ પહેલાથી જ ગરીબી સાથે ઝઝૂમી રહ્યા છે ત્યારે આર્થિક વૃદ્ધિર ૧.૮ ટકા જેટલો મામૂલી રહેવાનો અંદાજ છે, જ્યારે ગરીબીનો દર આશરે ૪૦ ટકાએ જળવાઈ રહેવાની શકયતા છે. ગરીબીથી રેખામાંથી માત્ર થોડા ઉપર છે તેવા લોકો ગરીબીમાં ધકેલાઈ જવાની શક્યતા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે કૃષિ ઉત્પાદનમાં મોટા વધારાથી ગરીબો અને નબળા લોકોને ફાયદો થવાની સંભાવના છે,

પરંતુ આ લાભો સતત ઊંચાં ફુગાવા અને અન્ય ક્ષેત્રોમાં મર્યાદિત વેતન વૃદ્ધિથી સરભર થયા છે. બાંધકામ, વેપાર અને પરિવહન જેવા ગરીબીની રોજીરોટી ધરાવતા ક્ષેત્રોમાં વેતન વૃદ્ધિ મર્યાદિત છે. આ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં રોજીંદા મજૂરોના વેતનમાં માત્ર પાંચ ટકાનો જ વધારો થયો હતો. આની સામે ફુગાવાનો દર ૩૦ ટકા જેટલો ઊંચો છે. વિશ્વ બેંકે ચેતવણી આપી છે કે જીવન-નિર્વાહ ખર્ચની કટોકટી અને વધતા જતાં પરિવહન ખર્ચના કારણે શાળાએ ન જતાં બાળકોમાં વધારો થઈ શકે છે અને ખાસ કરીને ગરીબોમાં તબીબી સારવારમાં વિલંબ થઈ શકે છે. આની સાથે સાથે દેશના વિસ્તારોમાં ખાદ્ય સુરક્ષા ચિંતાનો વિષય છે. ખૈબર પખ્તુનખ્વા, સિંધ અને બલૂચિસ્તાનના ૪૩ ગ્રામીણ જિલ્લાઓમાં આ નાણાકીય વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં તીવ્ર ખાદ્ય અસુરક્ષાનો વ્યાપ પણ ૨૯ ટકાથી વધીને ૩૨ ટકા થવાનો અંદાજ છે. આનો અર્થ એવો થાય છે કે આ વિસ્તારમાં ૩૨ ટકા લોકો પાસે ખાવા માટે પૂરતું અનાજ પણ નહીં હોય. નાણાકીય ક્ષેત્રના જોખમો, નીતિની અનિશ્ચિતતા અને વિદેશી અવરોધને કારણે પાકિસ્તાનના ભાવિ સામે મોટા જોખમ ઊભા કરે છે.

## વડાપ્રધાન મોદીએ બિહારના જમુઈમાં ચૂંટણી પ્રચાર કર્યો

# બિહારને દલદલમાંથી બહાર કાઢવામાં નિતિશની મોટી ભૂમિકા : વડાપ્રધાન

### કોંગ્રેસ અને આરજેડી જેવા પક્ષોએ પોતાની સરકાર હતી, તે સમયે વિશ્વમાં દેશનું નામ ખરાબ કરી દીધું હતું : મોદી

જમુઈ, તા.૪

લોકસભા ચૂંટણી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારના જમુઈમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. અહીં તેમણે જનસભા સંબોધી વખતે કોંગ્રેસ પર નિશાન સાધતા કહ્યું કે, 'કોંગ્રેસ અને આરજેડી જેવા પક્ષોએ પોતાની સરકાર હતી, તે સમયે વિશ્વભરમાં દેશનું નામ ખરાબ કરી દીધું હતું. જ્યારે અત્યારની ભાજપ અને એનડીએના સમયમાં વિકસિત ભારત અને ખુશખુશાલ ભારતનું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, 'કોંગ્રેસની સત્તા હતી, ત્યારે ભારત નબળું અને ગરીબ દેશ કહેવાતું હતું. આજના સમયમાં જે નાના-નાના દેશો લોટ માટે તરસી રહ્યા છે, તે દેશો કોંગ્રેસના રાજમાં ભારતમાં હુમલાઓ પર હુમલાઓ કરી જતા રહેતા હતા. તે સમયની કોંગ્રેસ અન્ય દેશો પાસે ફરિયાદ લઈને જતી હતી, પરંતુ આજના સમયમાં આવું નહીં ચાલે.'

વડાપ્રધાને વધુમાં કહ્યું કે, '**NDA** ગઠબંધને ખૂબ જ પરિશ્રમ કર્યા બાદ બિહાર દલદલમાંથી બહાર આવ્યું છે, તેમાં નિતિશ કુમારની બહુ મોટી ભૂમિકા છે. બિહાર અને ભારતના ભવિષ્ય માટે ૨૦૨૪ની ચૂંટણી ખૂબ જ નિર્ણાયક રહેવાની છે, તેથી જ હવે સમય આવી ગયો છે કે, બિહાર વધુ ઝડપી ગતિએ વિકાસ કરે.'તેમણે રામવિલાસ પાસવાનને યાદ કરી કહ્યું કે, 'હું જ્યારે પણ તમારી પાસે આવ્યો, ત્યારે તમે ભરપૂર પ્રેમ અને સ્નેહ આપ્યો, પરંતુ અમારા માટે આજના મંચ પર પ્રથમ વખત એવું બન્યું છે કે, આજના મંચ પર બિહારના પુત્ર, દલિતો-વંચિતોના પ્રિય અને મારા પ્રિય મિત્ર, પદ્મભૂષણથી સન્માનિત રામવિલાસ પાસવાન આપણી વચ્ચે નથી. મને સંતોષ છે કે, મારો નાનો ભાઈ ચિરાગ પાસવાન તેમના વિચારોને ગંભીરતાથી લઈ આગળ વધી રહ્યો છે. વડાપ્રધાને લોકોને અપીલ કરી કે, તેઓ અરૂણ ભારતની વોટ આપે. તેમને મત આપવાથી રામવિલાસ પાસવાનના સંકલ્પો પૂરા થશે. લાલુ પરિવાર પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, 'જે લોકોએ નોકરી માટે બિહારના યુવાઓની જમીન લખાવી દીધી, તેઓ ક્યારે બિહારનું ભલુ ન કરી શકે.'આ વખતે બિહારની કુલ ૪૦ બેઠકો માટે બીજા તબક્કાથી સાતમાં તબક્કા સુધી ચૂંટણી યોજાવાની છે. જેમાં ૨૬ એપ્રિલે, સાતમી મેએ અને ૨૦મી મેએ પાંચ-પાંચ બેઠકો માટે જ્યારે ૨૫મી મે અને પહેલી જૂને આઠ-આઠ બેઠકો માટે મતદાન યોજાશે. ચોથી જૂને પરિણામ જાહેર કરાશે.બિહારમાં એનડીએ નેતૃત્વ હેઠળ થયેલી સીટ શેયરિંગની સમજૂતી મુજબ ભાજપ ૧૭ બેઠકો પર ચૂંટણી લડશે, તો નીતિશ કુમારની આગેવાની હેઠળની જેડીયુ ૧૬ બેઠકો પર પોતાના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં ઉતારશે. આ ઉપરાંત ચિરાગ પાસવાનની એલજેપી પાંચ બેઠકો પર અને ઉપેન્દ્ર કુશવાહાની પાર્ટી રાષ્ટ્રીય લોક જનતા દળ અને પૂર્વ મુખ્યમંત્રી જીતન રામ માંઝીને **HAM** પાર્ટી એક-એક બેઠક પર ચૂંટણી લડશે.

## શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ભણે ગુજરાતની મસમોટી જાહેરાતો વચ્ચે

# ભાજપ સરકારનાં રાજમાં શિક્ષણની દયનીય સ્થિતિ

**બાળકોએ આપેલ પરીક્ષાનાં પેપર તપાસવાનાં શિક્ષકોની અછતથી આશ્ચર્ય ફેલાયું**

**બીજી તરફ જ્ઞાન સહાયકોને કરાર મુદ્દત બાદ પણ ચૂંટણીની જવાબદારીનો આક્ષેપ**

**ધો. ૧૦ અને ધો. ૧૨ નાં પેપર તજજ્ઞો મારફત તપાસવામાં આવે અને ઈન્ટરનલ ગુણ પ્રથા બંધ થવી જરૂરી**

**પ્રદેશ કોંગ્રેસનાં મીડિયા કોર્ડીનેટર અને પ્રવકતા હેમાંગ રાવલે પત્રકાર પરિષદ સંબોધી**



અમદાવાદ, તા. ૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કોર્ડીનેટર અને પ્રવકતા હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષામાં રાજયભરમાંથી ૧૫.૩૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં ધોરણ ૧૦ની પરીક્ષા માટે ૯.૧૭ લાખ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ૧.૩૨ લાખ તથા સામાન્ય પ્રવાહ માટે ૪.૮૯ લાખ વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી. પરંતુ બીજી તરફ જોવા જઈએ તો ધોરણ ૮ના શિક્ષકો ધોરણ ૧૦ એસએસસી બોર્ડના પેપર તપાસી રહ્યા છે. ગત વર્ષ કરતા એક લાખથી વધારે વિદ્યાર્થીઓ અંગ્રેજી માધ્યમમાં પરીક્ષા આપેલ છે. અંગ્રેજી માધ્યમના પૂરતા શિક્ષકો સરકાર પાસે ન હોવાથી અન્ય શિક્ષકો અંગ્રેજી માધ્યમના બોર્ડના પેપર તપાસી રહ્યા છે.

ગુજરાતના ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને અને તેમના પરિવારોને ઉચ્ચ ગુણવત્તાનું મૂલ્યાંકન ન મળે તો તેમને પરિણામમાં મોટો અન્યાય થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે.

બીજી ગેરરીતિની વાત કરીએ તો મોટાભાગે સેલ્ફ ફાઈનાન્સ શાળાઓએ પરિણામ વધારવા મનસ્વી

અનુસંધાન પાના ૬ ઉપર

---

### રહેણાંક મકાનમાં વૃધ્ધા ચા બનાવતાં હોય તે વેળા

# બગસરા ખાતે ગેસ સીલીન્ડર લીકેજ થતાં આસપાસનાં લોકોમાં દોડધામ મચી

**ફાયર ફાઈટરે ગણતરીની મિનિટોમાં આગ પર કાબુ મેળવ્યો**





તસ્વીર : સમીર વિરાણી—બગસરા

બગસરા, તા. ૪

બગસરામાં ગેસનો બાટલો લીક થતાં બાટલો સળગતા આસપાસના લોકોમાં ભાગદોડ મચી હતી. મળતી માહિતી મુજબ બગસરાનાં નદીપરા વિસ્તારમાં ભીખુભાઈ વશરામભાઈ ડાભીનાં મકાનમાં વૃધ્ધા ચા બનાવતા હતા ત્યારે અચાનક બાટલો લીક થતાં બાટલામાં આગ લાગતા ગોદડા—ગાદલા સળગ્યા હતા તેને પણ ઠારવામાં આવ્યા હતા. માડી રાડારાડ થતાં આસપાસના લોકો તથા તેમના ઘરના સભ્યોમાં ભાગદોડ મચી હતી. ત્યારબાદ નગરપાલિકાના ફાયર બ્રિગેડને ફોન કરી બોલાવેલ. ફાયર બ્રિગેડ આવતા બાટલાથી આગ લાગેલ તેને ઠારવામાં આવી હતી. સદનસીબે કોઈ જાનહાની થયેલ નથી.

---

### માચ્છીમારી વખતે તબીયત લથડી

# જાફરાબાદનાં મધદરિયે બોટમાં સાગર ખેડુ ઘાયલ થતાં કોસ્ટગાર્ડે કરી મદદ

**દર્દીને યુધ્ધના ધોરણે હોસ્પિટલે પહોંચાડયા**



તસ્વીર : ભરત બારૈયા—જાફરાબાદ

જાફરાબાદ, તા. ૪

જાફરાબાદના મધદરિયે માછીમારી કરતી બોટમાં સાગરખેડૂ ગંભીર રીતે ઘાયલ થતાં ૧૦૮ જેવી સુવિધા પુરી પાડતું પીપાવાવ ખાતે આવેલા ભારતીય કોસ્ટ ગાર્ડના જવાનો દ્વારા ગંભીર રીતે ઘાયલ દર્દીને સુરક્ષિત રીતે બહાર કાઢી સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા તા. ૩ એપ્રિલના રોજ ભારતીય કોસ્ટગાર્ડના જાફરાબાદના મધદરિયે માછીમારી કરતી બોટમાં એક સાગરખેડૂ માછીમારી કરતા દરમિયાન ગંભીર રીતે ઘાયલ હોવાની જાણવા મળતાં કોસ્ટગાર્ડની ઈન્ટરસેપ્ટર બોટ બનાવનાર સ્થળે પહોંચી હતી અને કોસ્ટગાર્ડ દ્વારા રેસ્કયુ ઓપરેશન દ્વારા બોટ ઉપર સવાર સાગરખેડૂ લક્ષ્મણભાઈ કાળાભાઈ સોલંકી ઉંમર ૩૭ ને રેસ્કયુ કરી બહાર કાઢ્યા હતા ઘાયલ દર્દીને ગંભીર રીતે ડાબા પગમાં ફ્રેકચર થયું હતું અને પગની ઘૂંટીમાં ગંભીર ઈજા થતાં ભારે રક્તસ્ત્રાવને કારણે સુરક્ષિત રીતે આઈસીજી બોટમાં કાંઠા સુધી પહોંચાડી સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા

---

### સચોટ વકતવ્ય, એજયુકેશન અને મહિલા હોવાનાં નાતે સારો એવો આવકાર

# અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીમાં ભાજપ કરતાં કોંગી ઉમેદવાર પ્રચારકાર્યમાં એક ડગલું આગળ

**મતદારો સમક્ષ ભરપૂર આત્મવિશ્વાસ સાથે ઉભા રહી શકે છે**

અમરેલી, તા. ૪

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણીનાં પ્રચાર કાર્યનો પ્રારંભ થયો છે. ભાજપ અને કોંગી ઉમેદવાર પ્રચારમાં વ્યસ્ત બન્યા છે. જેમાં કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમર પાસે સચોટ વકતવ્ય



આપવાની આવડત, ઉચ્ચ શિક્ષણ, યુવા અને મહિલા હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં સારો આવકાર મળી રહ્યો છે.

કોંગી ઉમેદવાર ધીમી પણ મકકમ ગતિએ આગળ વધી રહ્યો છે. છેલ્લી ૩ લોકસભાની ચૂંટણીમાં જેનીબેન ઠુંમરે પ્રવચન અને ચૂંટણી વ્યવસ્થા કરી છે જેથી તેઓ સારો એવો અનુભવ ધરાવે છે. તેમના માતા—પિતા પણ લોકસભાની

અનુસંધાન પાના ૬ ઉપર

---

### વર્તમાન અને પુર્વ પ્રમુખ બંને સમાધાન કરવા તૈયાર

# લ્યો બોલો : સાવરકુંડલા પાલિકાનાં પાઈપ ચોરી પ્રકરણને ભીનું સંકેલી લેવાનો પ્રયાસ

**જનતા જનાર્દનમાં આ પ્રકરણે ચકચાર જગાવી**



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા શહેર સુધરાઈ સમયાંતરે નિતનવા વિવાદોમાં સતત ચર્ચામાં રહેતી આવી છે. અણ આવડત અને બિન અનુભવી નગર સેવકોને મહત્વપૂર્ણ હોદ્દાઓની જવાબદારી સોંપી દેવામાં આવે ત્યારે આવી જ પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. કઠપુતળીઓ સમાન નગરપાલિકાના સત્તાધિશોનો દોર મોટા નેતાઓના હાથમાં હોવાથી કોમ્યુનિકેશન ગેપને કારણે વાતનું વતેસર થઈ જતું હોય છે. આવુ જ કંઈક બનવા પામ્યું છે.

કચરામાં પડેલા ગટરના

અનુસંધાન પાના ૬ ઉપર

---

### ફિઝિશ્યન ડો. રાજન કકૈયા (એમ.ડી.) દ્વારા

# અમરેલીમાં નવજીવન હોસ્પિટલમાં દર્દીઓને મળી રહ્યું છે "નવુ જીવન"

**હોસ્પિટલની સેવા દર્દીઓ માટે આર્શીવાદરૂપ**

અમરેલી, તા. ૪

અમરેલી શહેર મધ્યમાં આવેલી પ્રખ્યાત નવજીવન જનરલ હોસ્પિટલના ડો. રાજન કકૈયા (એમ.ડી) દ્વારા દર્દીઓને મળી રહી છે અમુલ્ય સારવાર. સરળ, સેવાભાવી સ્વભાવ અને માનવતાવાદી અભિગમના લીધે દર્દીઓને પણ રાહત દરે તમામ પ્રકારની સારવાર રાહત દરે તમામ પ્રકારની સારવાર રાહત દરે મળી રહી છે. હોસ્પિટલમાં જ નિદાન માટે તમામ સાધનો જેવા કે એકસ રે, કાડીયોગ્રામ, ૨ ડી ઈકો, સોનોગ્રાફી, લેબોરેટરી વગેરે તથા ગંભીર રોગોની સારવાર માટે અદ્યતન સાધનો સાથે આઈ.સી.યુ સુવિધા પણ હોવાથી એક જ હોસ્પિટલમાં તમામ સારવાર અને સુવિધા મળી રહે છે. ઈમરજન્સી સારવાર જેવી કે હદયરોગ, બીપી, શ્વાસ, પક્ષઘાત, આચકી, ઝેરીડવા—પોઈજન, વગેરે જેવા ગંભીર રોગોની ઈમર્જન્સીમાં આઈ.સી.યુ સારવાર રાહત દરે મળતી હોવાથી દર્દીઓ માટે નવજીવન જનરલ હોસ્પિટલ ખરેખર એક અરોગ્યધામ બની ગયું છે. જયારે પરિવારમાં અચાનક આવી કોઈ ગંભીર બીમારી આવી જાય ત્યારે દર્દીના સ્વાસ્થ્યની ચિંતા સાથે સાથે હોસ્પિટલોના મોટા બીલ માટે પણ પરિવારમાં ચિંતા હોય છે પરંતુ નવજીવન હોસ્પિટલમાં ડો. રાજન કકૈયા સાહેબ દ્વારા આ પ્રકારની તમામ સુવિધા—સારવાર રાહત દરે આપવામાં આવતી હોવાથી દર્દીઓના પારવાર માટે આર્થિક ભારણની ચિંતા રેહતી નથી અને સંતોષકારક સારવાર લઈને દર્દીઓ પોતાના ઘરે જઈ રહ્યા છે. વળી આ તમામ સારવાર સુવિધા રાહત દરે હોવા છતાં પણ શ્રેષ્ઠ અને કોર્પોરેટ કક્ષાની આપવામાં આવે છે. સામાન્ય રીતે દર્દી સાથે ૨—૩ સગાઓ પણ આવતા હોય દર્દી તો દાખલ હોઈ બેડ પર હોય છે, જયારે સાથે રહેતા સગાઓને હોસ્પિટલમાં રાત્રે આરમ કરવા માટે કોઈ સુવિધા લાગથી હોતી નથી પરંતુ માત્ર નવજીવન જનરલ હોસ્પિટલમાં જ દર્દીઓને સગાઓને પણ યોગ્ય રીતે આરામ કરી શકે તે કાટે તેવી તમામ વ્યવસ્થા કરવામાં આવે છે અને આ વ્યવસ્થા ગમે તેટલા સગા હોય તો પણ વિનામૂલ્યે આપવામાં આવે છે. આમ નવજીવન જનરલ હોસ્પિટલ એ દર્દીઓ માટે ખરેખર આરોગ્ય ધામ છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)